



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year -09 | Issue- 253 | AD - 2026, Jeth Sud -05 | Friday, Dt. 19-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝ સ્ટ્રેટને દરિયાઈ વાહનવ્યવહાર માટે ફરીથી ખોલી દેવામાં આવશે

# અમેરિકા અને ઈરાન વચ્ચે યુધ્ધ સમાપ્ત કરવા વચગાળાના કરાર પર હસ્તાક્ષર

નવી દિલ્હી,તા.૧૮

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુધ્ધને સત્તાવાર રીતે સમાપ્ત કરવા માટે એક મહત્વપૂર્ણ વચગાળાના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રાત્રે ફ્રાન્સના એક પેલેસમાં આ સંબંધિત એમઓયુ પર પોતાના હસ્તાક્ષર કર્યા હતા. આ ઐતિહાસિક ક્ષણ દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પણ ત્યાં વ્યક્તિગત રીતે હાજર રહ્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પના હસ્તાક્ષર બાદ, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાને ઈરાનથી જ ડિજિટલ માધ્યમ દ્વારા આ કરાર પર પોતાના ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષર કર્યા હતા. આ વૈશ્વિક કરારની સત્તાવાર જાહેરાત ભારતીય સમય અનુસાર ગુરુવારે વહેલી સવારે ૫:૩૦ વાગ્યે કરવામાં આવી હતી અને તેને તાત્કાલિક અસરથી સમગ્ર વિશ્વમાં લાગુ કરી દેવામાં આવ્યો છે.આ આંતરરાષ્ટ્રીય કરાર અંતર્ગત ઈરાન અને લેબનોનમાં ચાલી રહેલી તમામ સૈન્ય કાર્યવાહીઓ પર તાત્કાલિક રોક લગાવી દેવામાં આવશે. આ સાથે જ વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝ સ્ટ્રેટને દરિયાઈ વાહનવ્યવહાર માટે ફરીથી ખોલી દેવામાં આવશે અને અમેરિકા દ્વારા લાદવામાં આવેલી નૌકાદળની નાકાબંધી પણ સંપૂર્ણપણે સમાપ્ત કરવામાં આવશે. વાસ્તવમાં આ કરાર પર ૧૯ જૂનના રોજ સ્વિટ્ઝર્લેન્ડના



જીનીવા નજીક આવેલા લ્યુસર્ન શહેરમાં હસ્તાક્ષર થવાના નિર્ધારિત હતા, પરંતુ બંને દેશોની સંમતિથી આ કાર્યક્રમ નિર્ધારિત સમય કરતાં એક દિવસ વહેલો સંપન્ન કરી દેવામાં આવ્યો છે.આ શાંતિ કરારની સકારાત્મક અસર વૈશ્વિક તેલ બજાર પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. વિશ્વમાં ઓઈલની કિંમત નક્કી કરનાર બ્રેન્ટ ક્રૂડ છેલ્લા ત્રણ દિવસથી સતત ૮૦ ડોલર પ્રતિ બેરલની નીચે ટ્રેડ થઈ રહ્યું છે. ગુરુવારે બ્રેન્ટ ક્રૂડના ભાવમાં આશરે ૨ ટકાનો મોટો ઘટાડો નોંધાયો હતો અને તે ઘટીને ૭૮ ડોલર પ્રતિ બેરલ પર આવી ગયો હતો. યુધ્ધના ચરમસીમાના ગાળા દરમિયાન આ ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ ૧૧૪.૪૪ ડોલર સુધી પહોંચી ગઈ હતી, જે હવે તેના ઉચ્ચતમ સ્તરથી લગભગ ૩૫ ડોલર જેટલું સસ્તું થઈ ગયું છે. બીજી તરફ, અમેરિકાનું ડબલ્યુટીઆઈ (WTI) ક્રૂડ ઓઈલ પણ ઘટીને લગભગ ૭૪ ડોલર પ્રતિ બેરલના સ્તરે આવી ગયું છે, જે છેલ્લા ત્રણ મહિનાનું સૌથી નીચું સ્તર દર્શાવે છે. આ સમગ્ર શાંતિ પ્રક્રિયા અને વાટાઘાટોમાં પાકિસ્તાને અત્યંત મહત્વપૂર્ણ મધ્યસ્થી તરીકેની ભૂમિકા ભજવી છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે બુધવારે ઈસ્લામાબાદમાં આ સમજૂતી કરાર પર મધ્યસ્થી તરીકે હસ્તાક્ષર કર્યા હતા.






# હિમાચલ પ્રદેશમાં ૧૨૦૦ ફૂટ ઉંડી ખીણમાં કાર ખાબકતા ૭ના મોત

ચંબા,તા.૧૮

હિમાચલ પ્રદેશના ચંબા-મસરુંડ માર્ગ પર બનેલા ગંભીર માર્ગ અકસ્માતમાં સાત લોકોના દુઃખદ મોત થયા છે. મૃતકોમાં મેહલ ગામના એક જ પરિવારના છ સભ્યોનો સમાવેશ થાય છે, જ્યારે સાતમો મૃતક વાહનનો ડ્રાઈવર હતો. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી દીધી છે. પ્રાપ્ત



માહિતી અનુસાર, તમામ લોકો કાકડ્રોથા ગામમાં યોજાયેલા મુંડન સંસ્કારના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ બુધવારે મોડી રાત્રે પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન તેમની બોલેરો ગાડી અચાનક અનિયંત્રિત બની ગઈ અને માર્ગ પરથી લગભગ ૧૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે વાહન સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ચુની લાલ, દેવી લાલ, બબલી દેવી, મોતી રામ, અનિતા કુમારી, કુંતા દેવી અને ધરો ગામના મનોહર લાલનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

# શિવસેના(યુબીટી)ની બેઠકમાં માત્ર ત્રણ સાંસદો જ હાજર રહ્યાં

મુંબઈ,તા.૧૮

દિલ્હીમાં યોજાયેલી શિવસેના (UBT)ની સંસદીય દળની મહત્વપૂર્ણ બેઠકમાં પક્ષના કુલ ૯ લોકસભા સાંસદોમાંથી માત્ર ૩ સાંસદો જ હાજર રહ્યા હતા. વ્હીપ જાહેર કરવા છતાં ગેરહાજર રહેલા સાંસદો વિરૂધ્ધ પક્ષે આકરા તેવર અપનાવ્યા છે. સાંસદ અરવિંદ સાવંતે સ્પષ્ટ કર્યું છે કે ગેરહાજર રહેલા તમામ સાંસદોને ટૂંક સમયમાં જ કારણદર્શક નોટિસ પાઠવવામાં આવશે. આ તરફ સંજય રાઉતે ગંભીર આક્ષેપ કર્યો છે કે ગેરહાજર સાંસદોનું અપહરણ કરવામાં આવ્યું છે અને પક્ષ



સાથે દ્રોહ કરનારાઓને ગદ્દાર ગણાવ્યા છે. આ દરમિયાન ગૃહ મંત્રાલયે ૬ બળવાખોર સાંસદોની સુરક્ષા વધારીને Y+ કેટેગરીની કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ૬ સાંસદોએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને શિંદે જૂથ સાથે જોડાવા માટે સત્તાવાર પત્ર પણ મોકલી દીધો છે.







# ભારત પર હુમલો થશે તો અમેરિકા મદદ માટે તૈયાર : ટ્રમ્પ

નવી દિલ્હી,તા.૧૮

જી-૭ સમિટના વર્કિંગ લંચ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વના ભર પૂર વખાણ કર્યા હતા. તેમણે ભારતની સુરક્ષા અંગે એક મોટું વચન આપતા સ્પષ્ટ કર્યું કે જો ભારત પર કોઈ દેશ હુમલો કરશે, તો લેખિત કરાર ન હોવા છતાં અમેરિકા તેની મદદ માટે હંમેશાં તત્પર રહેશે. ટ્રમ્પે મોદીને શાંત અને પ્રભાવશાળી પરંતુ વાટાઘાટોમાં અત્યંત કડક નેતા ગણાવ્યા હતા.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
શુક્રવાર, તા.૧૯-૦૬-૨૦૨૬

# પાંચ વર્ષ સુધી ધક્કા ખાતા ખેડૂતને વડીયાના મામલતદારે ખાસ સમય ફાળવી માર્ગદર્શન આપ્યું

વડિયા,તા.૧૮

વડિયા ખાતે રસ્તાના પ્રશ્ને આત્મહત્યાની ચીમકી ઉચ્ચારનાર ભોળા ખેડૂતને વડિયા મામલતદાર યોગેશ બારડે કચેરીએ બોલાવી, માપણી સીટો અને હુકમોની ઝીણવટભરી તપાસ કરી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાની



રજૂઆત બાદ મામલતદારે સ્પેશિયલ સમય ફાળવીને ખેડૂતને સમજાવ્યું કે પાંચ વર્ષ પહેલાં જ આ હુકમની અમલવારી થઈ ચૂકી છે. અત્યાર સુધી રાજકીય લોકો પોતાના સ્વાર્થ માટે ખેડૂતને ગેરમાર્ગે દોરી ખોટા ધક્કા ખવડાવતા હતા. અંતે મામલતદારે ખેડૂતને નામદાર સિવિલ કોર્ટનો સહારો લેવા સાચી દિશા બતાવતા વર્ષોથી હેરાન થતા ખેડૂતે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો.

# બગસરાની વીજ કચેરીએ મુખ્યમંત્રીના ઓનલાઈન કાર્યક્રમ વખતે જ વીજ કાપ મુક્યો

બગસરા,તા.૧૮

રાજ્યના મુખ્યમંત્રી શાળા પ્રવેશોત્સવ પૂર્વે રાજ્યના તમામ શાળાઓમાં બાયસેગના માધ્યમથી સંબોધિત કરવાના હતા તેવા સમયે બગસરા પીજીવીસીએલ દ્વારા લાઈટ કાપ કરીને વીજ કચેરી મુખ્યમંત્રીના કાર્યક્રમ પ્રત્યે કેટલી સંવેદનશીલ છે તેનું ઉદાહરણ રજૂ કર્યું હતું. મળેલ વિગતો મુજબ બગસરા **PGVCL**ની ગંભીર બેદરકારીને કારણે સરકારના એક મહત્વપૂર્ણ કાર્યક્રમ પર પાણી ફરી વળ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા 'શાળા પ્રવેશોત્સવ' અંતર્ગત ૧૭ જુનના રોજ રાજ્યની તમામ શાળાઓમાં એક વિશેષ લાઈવ સંબોધન કરવાનો મહત્વપૂર્ણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જો કે, ઉનાળાની કાળઝાળ ગરમીને ધ્યાને રાખી હાલમાં સમગ્ર રાજ્યમાં શાળાઓનો સમય સવારનો છે. આથી તમામ શાળાઓમા બાળકો, શિક્ષકો એસ.એમ.સી. સભ્યો તથા વાલીઓ આ પ્રસારણ જોઈ શકે તે માટે સમગ્ર રાજ્યમાં તેનું પુનઃ પ્રસારણ ૧૮ના રોજ સવારે નિહાળવા શિક્ષણ વિભાગે સૂચના આપી હતી. પરંતુ બગસરા શહેરમાં સવારથી જ પીજીવીસીએલ દ્વારા વીજ કાપ મુકાતા આ પ્રસારણ નિહાળી શકાયું ન હતું અને શાળામાં બાળકો તથા વાલીઓ વીજળી આવવાની રાહ જોતા રહ્યા હતા.

# અમરેલીમાં ઝેરી ટીકડા ખાઈ લેતાં યુવકનું મોત

**મૃત્યુનું સાચુ કારણ જાણવા માટે પોલીસે તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૧૮

અમરેલીમાં ઝેરી ટીકડા ખાઈ લેવાથી યુવકનું મોત થયું હતું. આ બનાવ અંગે મનોજભાઈ ગુણવંતરાય પંડ્યા (ઉ.વ.૫૩)એ પોલીસને કરેલી જાણ મુજબ, અભિષેકભાઈ મનોજભાઈ પંડ્યા (ઉ.વ. ૨૬) કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ગળી જતાં, સારવાર દરમિયાન તેમનું મરણ થયું હતું.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.આર. વાળા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ચાંચ ગામ ખાતે જન કલ્યાણ શિબિર યોજાઈ

રાજુલા,તા.૧૮

રાજુલા તાલુકા વહીવટી તંત્ર દ્વારા ચાંચ ગામે જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો મુખ્ય હેતુ રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ જનહિતલક્ષી યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવાનો તેમજ યોજનાઓ અંગે વ્યાપક જાગૃતિ ફેલાવવાનો હતો. આ પ્રસંગે વિવિધ વિભાગોના અધિકારીઓએ પોતાની વિભાગીય યોજનાઓ



વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ગ્રામજનોને યોજનાઓની પાત્રતા, અરજી પ્રક્રિયા અને મળતા લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સ્થળ પર જ સહાય અને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેના કારણે ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં મામલતદાર એચ.બી. પુરોહિત, ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી અશ્વિનભાઈ દાણીધારીયા, હિંમતભાઈ બલદાણીયા, વિક્રમભાઈ શિયાળ સહિત વિવિધ આગેવાનો, જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે આવી શિબિરો દ્વારા સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી અસરકારક રીતે પહોંચાડવામાં મદદ મળે છે અને લોકોને એક જ સ્થળે વિવિધ સેવાઓ ઉપલબ્ધ બને છે.

# કવિ દુલા કાગ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

**કેમ્પ તા.૨૫ના રોજ યોજાશે, કેમ્પનો લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરાયો**

અમરેલી,તા.૧૮

સ્વ. રામભાઈ દુલાભાઈ કાગની ૨૮મી પુણ્યતિથિ નિમિત્તે કવિશ્રી દુલા કાગ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા અમરેલી ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. ૨૫ જૂન ૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી આહિર જ્ઞાતિની વાડી, બાબરીયાધાર ગામ, તાલુકો રાજુલા, જિલ્લો અમરેલી ખાતે યોજાશે.કેમ્પમાં એચસીજી હોસ્પિટલના વિવિધ રોગોના નિષ્ણાત તબીબો દ્વારા દર્દીઓનું નિદાન અને માર્ગદર્શન આપવામાં આવશે.

# સાવરકુંડલામાં મહિલા મંડળ દ્વારા અમાસ નિમિત્તે ઠંડા પીણા અને જ્ઞાન સામયિકનું વિતરણ

સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલામાં મહિલા ઉત્થાન મંડળ દ્વારા અધિક માસની દર્શ અમાવસ્યાના અવસરે શહેરમાં સેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળ દ્વારા રાહદારીઓને ગરમીમાં શીતળતા આપવા માટે શરબત અને છાશ વિતરણ કરવામાં આવ્યું હતું. રિદ્ધિસિદ્ધિનાથ મહાદેવ મંદિર ચોક ખાતે મંડળની બહેનોએ કેશુડાના ફૂલોના અર્કમાંથી તૈયાર કરેલું ખાસ આયુર્વેદિક શરબત અને ઠંડી-અમૃત જેવી છાશનું વિતરણ કર્યું હતું.



આ સાથે ઉચ્ચ વિચારોના સિંચન માટે 'ઋષિ પ્રસાદ' મેગેઝિન અને કેલેન્ડરનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનની સફળતા માટે ધ્રુવિત ચુડાસમા તથા શીતલબેન ચુડાસમાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# વેલનાથ બાપુ જન્મજયંતિ મહોત્સવની તૈયારીઓ શરૂ

બાબરા,તા.૧૮



બાબરા ખાતે ૧૬ જુલાઈ ૨૦૨૬ના રોજ ઉજવાતી વેલનાથ બાપુની જન્મજયંતિ ભવ્ય બનાવવા માટે ચુવાળીયા ઠાકોર સમાજ તથા વેલનાથ પ્રગતિ મંડળની બેઠક યોજાય હતી. કાર્યક્રમમાં ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોની રૂપરેખા ઘડવામાં આવી. આગેવાનો દ્વારા સમાજમાં વધુમાં વધુ લોકોની ભાગીદારી વધારવા ચર્ચા કરાય હતી અને સૌએ મહોત્સવને ઐતિહાસિક બનાવવા પ્રતિબધ્ધતા વ્યક્ત કર્યુ હતું.

# લીલીયાની યુવતી સાથે સાયબર ફ્રોડ થતા પોલીસ ફરિયાદ નોંધાઈ

લીલીયા, તા. ૧૮

લીલીયાની રહેવાસી સૃષ્ટિબેન કાંકરેચા નામની યુવતી સાથે ઓનલાઈન સાયબર ફ્રોડ કરી નાણાં પડાવી લેવાના રેકેટનો પર્દાફાશ થયો છે. આ મામલે પોલીસે સંબંધિત બેંક ખાતાધારકો અને એક મોબાઈલ નંબરના ધારક વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, આ સંગઠિત સાયબર ગુનામાં આરોપીઓએ એકબીજાની મદદગારીથી ભોગ બનનાર સૃષ્ટિબેન સાથે છેતરપિંડી આચરી હતી. સાયબર ગઠિયાઓએ ગુનાહિત કાવતરું રચીને ફ્રોડના નાણાં વિવિધ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવ્યા હતા. આ ટોળકી માત્ર સૃષ્ટિબેન જ નહીં, પરંતુ અન્ય અનેક નિર્દોષ લોકોને પણ પોતાનો શિકાર બનાવી ચૂકી છે. આરોપીઓ જુદા જુદા લોકો સાથે સાયબર ફ્રોડ કરીને મેળવેલા નાણાં પોતાના આ જ બેંક ખાતાઓમાં વારંવાર જમા કરાવતા હતા અને ત્યારબાદ તે નાણાં સગેવગે કરી દેતા હતા. આ મામલે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# લીલીયા પંથકમાં રેતી ચોરી સામે મામલતદારની કાર્યવાહીથી ફફડાટ

અમરેલી,તા.૧૮

લીલીયા પંથકમાંથી પસાર થતી શેત્રુંજી નદીમાં છેલ્લા ઘણા સમયથી ખુલ્લેઆમ રેતી ચોરી ચાલી રહી હોવાની ચર્ચાઓ વચ્ચે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સ્થાનિક આગેવાનો દ્વારા અનેક વખત રજૂઆતો કરીને રેતી ચોરી બંધ કરાવવાની માંગ કરવામાં આવી હતી, છતાં કોઈ અસરકારક પરિણામ મળ્યું ન હોવાનું જણાવાય છે. આ દરમિયાન લીલીયાના મામલતદારે વહેલી સવારે પૂજાપાદર નજીક મામાદેવ મંદિર ચોકડી વિસ્તારમાં દરોડો પાડી રેતી ભરેલા બે ડમ્પર



ઝડપી પાડ્યા હતા. અંદાજિત કિંમત રૂ.૩.૪૦ લાખ, સાથે આશરે ૩૦ ટન રેતીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. બીજી તરફ, શેત્રુંજી નદીમાં લાંબા સમયથી ચાલતી રેતી ચોરી અંગે જવાબદાર ખાણ-ખનીજ વિભાગ અને અન્ય સંબંધિત તંત્રની કામગીરી સામે પણ લોકોમાં અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે.

# બાબરામાં હાઈવે પર સ્પીડબ્રેકર બનાવવા ચેમ્બર પ્રમુખની માંગ

બાબરા,તા.૧૮

બાબરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ મુન્નાભાઈ મલકાણ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રાજકોટ-ભાવનગર-અમરેલી સ્ટેટ હાઈવે પર બાબરા શહેરી વિસ્તારમાં તાત્કાલિક સ્પીડબ્રેકર બનાવવાની લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ હાઈવે શહેરના મધ્યમાંથી પસાર થાય છે, જ્યાં સરકારી શાળાઓ, હોસ્પિટલો અને ધાર્મિક સ્થળો આવેલાં છે. ભારે વાહનોની સતત અવરજવરને કારણે અહીં અવારનવાર અકસ્માતો સર્જાય છે, જેના લીધે વિદ્યાર્થીઓ અને સ્થાનિક નાગરિકોના જીવનું જોખમ વધી ગયું છે.ખાસ કરીને નાના બસ સ્ટેશન પાસેની ગર્લ્સ સ્કૂલ, અમરેલી રોડ પરનો તાપડીયા આશ્રમ અને અકસ્માતપ્રવણ ગણાતી કરિયાણા ચોકડી જેવા વિસ્તારોમાં લોકોની ભારે ભીડ રહે છે. જનહિત અને માર્ગ સુરક્ષા કાજે આ સ્થળોએ તાત્કાલિક ૫ થી ૬ સ્પીડબ્રેકર બનાવવા અને માર્ગ-મકાન વિભાગને જરૂરી આદેશ આપવા માંગ કરાઈ છે









**ગોલ માછલીથી લઈને પાપલેટ સુધીની માછલીઓથી માછીમારોને મળે છે સારું વળતર**

# જાફરાબાદની માછલીઓની દેશ-વિદેશોમાં ભારે માંગ

જાફરાબાદ,તા.૧૮

અમરેલી જિલ્લાના જાફરાબાદ વિસ્તારના માછીમારો દરરોજ અરબી સમુદ્રમાં ઊંડે સુધી જઈ વિવિધ પ્રકારની માછલીઓનું શિકાર કરે છે. અહીં પકડાતી માછલીઓ માત્ર સ્થાનિક બજાર સુધી મર્યાદિત રહેતી નથી, પરંતુ ગુજરાત અને ભારતના અન્ય રાજ્યો ઉપરાંત વિદેશી બજારોમાં પણ નિકાસ કરવામાં આવે છે. માછીમારીનો વ્યવસાય દરિયાકાંઠાના હજારો પરિવારો માટે રોજગારીનું મુખ્ય સાધન બની રહ્યો છે અને સ્થાનિક અર્થતંત્રને પણ મહત્વપૂર્ણ આધાર પૂરો પાડે છે. જાફરાબાદના માછીમારો સામાન્ય રીતે દરિયામાં ૩૦થી ૪૦ નોટિકલ માઈલ સુધીનું અંતર કાપીને માછીમારી કરે છે. દરિયાના ઊંડાણમાં વિવિધ જાતોની કિંમતી અને વ્યાવસાયિક રીતે મહત્વપૂર્ણ માછલીઓ મળી આવે છે. પકડાયેલી માછલીઓના કદ, ગુણવત્તા અને બજારમાં રહેલી માંગના આધારે તેના ભાવ નક્કી થાય છે. કેટલીક માછલીઓ સ્થાનિક બજારમાં વેચાય છે, જ્યારે કેટલીક માછલીઓ મોટા વેપારીઓ મારફતે દેશના વિવિધ શહેરો તેમજ વિદેશમાં મોકલવામાં આવે છે. ખારવા સમાજના ધર્મેશભાઈ બારૈયાના જણાવ્યા મુજબ તેઓ વર્ષોથી


તસવીર : બાબુભાઈ વાઢેળ

માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમના જણાવ્યા અનુસાર દરિયામાં અનેક પ્રકારની માછલીઓ મળી આવે છે અને દરેક માછલીની બજાર કિંમત અલગ હોય છે. માછલી પકડ્યા બાદ તેને તાજી રાખવા માટે બોટમાં જ કોલ્ડ સ્ટોરેજની સુવિધા ઉપલબ્ધ હોય છે. દરિયાની સફર પૂર્ણ કરીને કિનારે પરત ફર્યા બાદ માછલીઓની હરાજી અથવા સીધી વેચાણ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જાફરાબાદ વિસ્તારમાં પકડાતી ગોલ માછલી સૌથી કિંમતી ગણાય છે. આ માછલીનો ભાવ સામાન્ય રીતે પ્રતિ કિલોગ્રામ રૂ.૩૫૦૦થી રૂ.૪૦૦૦ સુધી રહે છે. ગોલ માછલીમાં નર અને માદા એમ બે પ્રકાર જોવા મળે છે અને બંનેના ભાવમાં તફાવત હોય છે. ખાસ કરીને નર ગોલ માછલીનો ભાવ કેટલીક વખત પ્રતિ કિલોગ્રામ રૂ.૫૦૦૦ સુધી પહોંચી જાય છે.આ ઉપરાંત પાપલેટ માછલીનો ભાવ સામાન્ય રીતે રૂ.૧૦૦૦થી રૂ.૧૨૦૦ પ્રતિ કિલોગ્રામ રહે છે. સમડે અને બુમલા માછલીઓનો ભાવ આશરે રૂ.૨૦૦થી રૂ.૩૦૦ પ્રતિ કિલોગ્રામ સુધી રહે છે. માછીમારો માટે માછલીઓની ગુણવત્તા જાળવવી અત્યંત જરૂરી હોવાથી બોટ તેમજ દરિયાકાંઠે આધુનિક કોલ્ડ સ્ટોરેજની સુવિધા ઉભી કરવામાં આવી છે. આ વ્યવસ્થાના કારણે માછલીઓને બે મહિના સુધી સુરક્ષિત રીતે સાચવી શકાય છે. માછીમારોની મહેનત અને આધુનિક સંગ્રહ સુવિધાના પરિણામે જાફરાબાદની માછલીઓ આજે દેશ અને વિદેશના બજારોમાં આગવી ઓળખ બનાવી રહી છે.

# જનક તળાવીયાના પ્રયત્નોથી બાબરાના ખંભાળા ગામમાં નવી માધ્યમિક શાળા મંજૂર

બાબરા,તા.૧૮

બાબરા તાલુકાના ખંભાળા ગામ માટે શિક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક સિધ્ધિ પ્રાપ્ત થઈ છે. સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સતત પ્રયત્નો, રાજ્ય સરકાર સમક્ષ કરાયેલી સચોટ રજૂઆતો અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાના પરિણામે ખંભાળા ગામ ખાતે નવી માધ્યમિક શાળા મંજૂર કરવામાં આવી છે. અત્યાર સુધી ગામ અને આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ મેળવવા માટે અન્ય ગામો કે શહેરોમાં જવું પડતું હતું, જેના કારણે ખાસ કરીને દીકરીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે નવી શાળા મંજૂર



થતાં જ વિદ્યાર્થીઓને પોતાના જ વિસ્તારમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ બનશે. આ ઐતિહાસિક નિર્ણય બદલ ગ્રામજનો, વાલીઓ અને વિદ્યાર્થીઓએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને રાજ્ય સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. નવી માધ્યમિક શાળા શરૂ થવાથી સમગ્ર વિસ્તારના સામાજિક અને શૈક્ષણિક વિકાસને એક નવી ઊર્જા અને દીશા મળશે.

# સા.કુંડલાના જેસર રોડ પર રખડતી ગાયોથી વાહનચાલકો પરેશાન

સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલા શહેરના જેસર રોડ ફાટક નજીક ગાયત્રી પાનથી પીપરવડી રોડ તરફ જતાં મુખ્ય માર્ગ પર રખડતી ગાયો વાહનચાલકો અને રાહદારીઓ માટે મુશ્કેલીનું કારણ બની છે. દરરોજ સવારે ગાયોનો મોટો ઝુંડ રસ્તા વચ્ચે ઉભો રહેતાં વાહનોની


તસવીર : સૌરભ દોશી

અવરજવરમાં અવરોધ સર્જાય છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ વૃધ્ધો, બાળકો તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓને અહીંથી પસાર થવામાં ભારે મુશ્કેલી પડે છે. માર્ગ પર ગાયો અચાનક આવી જતાં અકસ્માતની ભીતિ પણ સતત રહે છે. લાંબા સમયથી સમસ્યા યથાવત હોવા છતાં તેનો કાયમી ઉકેલ આવ્યો નથી. સ્થાનિકોએ સંબંધિત તંત્રને રજૂઆત કરીને રખડતા ઢોરને નિયંત્રિત કરવા અને માર્ગને સુરક્ષિત બનાવવા તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરી છે.

# ખાંભાનું મોટા સમઢીયાળા હવે ‘ઓઢા બાપુનુ સમઢીયાળા’ તરીકે ઓળખાશે

અમરેલી, તા.૧૮

ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામના સરપંચ, ગ્રામ પંચાયત કચેરી દ્વારા ગામનું નામ બદલી અને ‘ઓઢા બાપુનું સમઢીયાળા’ કરવા માટે માંગણી કરવામાં આવી હતી. આઝાદી પહેલા આ ગામનું નામ ગામના સ્થાપક અને રાજવી ઓઢા બાપુના સમઢીયાળા તરીકે ઓળખાતું હતું. આ અંગે માંગણીના અનુસંધાને સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર દ્વારા તા.૦૧.૦૬.૨૦૨૬ના ઠરાવથી ખાંભા તાલુકાના મોટા સમઢીયાળાને ‘ઓઢા બાપુનું સમઢીયાળા’ તરીકે મંજૂરી આપી છે અને જરૂરી રેકર્ડમાં સુધારો કરવા માટે જણાવ્યું હતું. જેથી ઉપરોક્ત

**સામાન્ય વહીવટી વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવી**

ઠરાવની તારીખથી રેકર્ડમાં જરૂરી સુધારા કરી અને મોટા સમઢીયાળા ‘ઓઢા બાપુનું સમઢીયાળા’ તરીકે ઓળખાશે તેમ જિલ્લા કલેક્ટરની એક યાદીમાં જણાવ્યું છે.

# જાફરાબાદમાંથી ૬ શકુની રોકડા રૂ. ૨૨,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

જાફરાબાદ, તા.૧૮

જાફરાબાદ ટાઉનમાંથી પોલીસે ૬ શકુનીને રોકડા રૂ. ૨૨,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. ભાણજીભાઈ રામજીભાઈ બાંભણીયા, ફારૂકભાઈ જમાલભાઈ મન્સુરી, સાહિલભાઈ રાજેશભાઈ હસલાણી, શાંતીભાઈ નંદલાલા રાઠોડ, કાનજીભાઈ છગનભાઈ બારૈયા તથા રમેશભાઈ મોહનભાઈ સોલંકી ગંજીપતાના પાના તથા પૈસા વડે જાહેરમાં તીનપતીનો હારજીતનો જુગાર રમતા કુલ રોકડા રૂ.૨૨,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જાફરાબાદ પોલીસ સ્ટેશનના એએસઆઈ અશ્વીનભાઈ પરસોત્તમભાઈ બારૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના સુડાવડ ગામે પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૮

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ પ્રો. (ડૉ.) સી. કે. ટીંબડિયાના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા સુડાવડ ગામે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ લાવવા અને તેના પ્રચાર-પ્રસારના હેતુથી આયોજિત કાર્યક્રમમાં ૫૦થી વધુ ખેડૂતો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આચાર્ય ડૉ. એસ. પી. દેશમુખના માર્ગદર્શન હેઠળ યોજાયેલી તાલીમમાં વરસાદ આધારિત ખેતીમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા માટેની પધ્ધતિઓ અંગે માહિતી આપવામાં આવી હતી. ડૉ. કે. વી. મસાલીયા, કુ. આર. એચ. વઘાસિયા, બી. એમ. મોદી અને કુ. યુ. એન. ડોડીયાએ બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, વાપસા અને આચ્છાદન જેવા પ્રાકૃતિક ખેતીના આધારસ્તંભો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# લીલીયાના કૂતાણા ગામે જન કલ્યાણ શિબિર યોજાઈ

લીલીયા,તા.૧૮

લીલીયા તાલુકાના કૂતાણા ગામે જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજની ઉપસ્થિતિમાં જન કલ્યાણ શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો મુખ્ય હેતુ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી સામાન્ય નાગરિકો સુધી પહોંચાડવાનો અને



વધુમાં વધુ લોકોને તેનો લાભ અપાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મામલતદાર એચ. બી. વાડા, તાલુકા વિકાસ અધિકારી વી.એન. ગોહિલ, પીજીવીસીએલના નાયબ ઈજનેર સી.કે. દેવમુરારી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં ગ્રામજનોએ શિબિરમાં હાજરી આપી હતી.

## અવસાન નોંધ

**બગસરા**

સ્વ.પ્રભુદાસજી જમનાદાસજી ગોંડલીયા (ઉ.વ.૮૦)નું તા.૧૫/૦૬/૨૦૨૬ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે હરિભાઈ, હિંમતભાઈ તથા તરૂણભાઈના પપ્પા તેમજ કાર્તિકભાઈના મોટાબાપુ થાય છે.




**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.168/2026
જન્મ તારીખ : 01/01/1970

શ્રી સુલતાનભાઈ જીવાભાઈ લાલાણી,
રહે.છાછર, ગામ-છાછર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, છાછર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી સુલતાનભાઈ જીવાભાઈ લાલાણી, રહે.છાછર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જીવાભાઈ અલીભાઈ લાલાણી તથા નૂરબાનુબેન અલીભાઈ લાલાણી ના પુત્રી યાસ્મીનબેન જીવાભાઈ લાલાણીનો જન્મ તારીખ.01/01/1970 ના રોજ કોડીનાર તાલુકાના છાછર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર




**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.164/2026
જન્મ તારીખ : 01/06/1977

શ્રી શાંતાબેન જીવરાજભાઈ રાઠોડ,
રહે.માલશ્રમ, ગામ-માલશ્રમ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, માલશ્રમ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી શાંતાબેન જીવરાજભાઈ રાઠોડ, રહે.માલશ્રમ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રાઠોડ જીવરાજભાઈ સીદિભાઈ તથા રાઠોડ શ્રી શાંતાબેન જીવરાજભાઈ ના પુત્ર રાઠોડ રામસિંગભાઈ જીવરાજભાઈનો જન્મ તારીખ.01/06/1977 ના રોજ કોડીનાર તાલુકાના માલશ્રમ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૬/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



# રાજુલા પોલીસે ટ્રકબેટરી ચોરીનો ગુનો ઉકેલી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા

અમરેલી,તા.૧૮

રાજુલા પોલીસે ટ્રકોમાંથી બેટરી ચોરી કરનાર ગેંગનો ભેદ ઉકેલી ત્રણ આરોપીઓને ઝડપી પાડી ચોરાયેલી તમામ ૧૨ બેટરીઓ રિકવર કરી છે. આ ચોરી ૧૩ જૂનની મધરાતથી ૧૪ જૂનની સવાર દરમિયાન હિડોરણા ગામ નજીક હાઈવે પર પાર્ક કરેલા ટ્રકો તેમજ રાજુલા શહેર વિસ્તારમાં થઈ હતી. ચોરાયેલી બેટરીઓની કુલ કિંમત રૂ. ૭૮,૦૪૦ હોવાનું સામે આવ્યું હતું. ગુનાની તપાસ દરમિયાન પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સિસના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. ગુજરાત સરકારના વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ લગાવવામાં આવેલા કેમેરામાં નંબર પ્લેટ વગરની શંકાસ્પદ બલેનો કાર જોવા મળી હતી. વધુ તપાસમાં



આરોપીઓ ટ્રકોમાંથી કિંમતી બેટરીઓ ચોરી કરતા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે અખ્તર અબ્દુલકાદરભાઈ જીરૂકા, અરમાન સુલેમાનભાઈ ડેલા અને જુબેરભાઈ સિકંદરભાઈ જીરૂકાની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૧૨ બેટરીઓ તથા ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી કાર સહિત કુલ રૂ. ૩.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. સમગ્ર કામગીરી રાજુલા પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

# અમરેલી જિલ્લામાં શાળા પ્રવેશોત્સવને લઈ સીએમ ભુપેન્દ્ર પટેલની હાજરીમાં વર્ચ્યુઅલ બેઠક

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લામાં આગામી તા. ૨૩, ૨૪ અને ૨૫ જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમની રૂપરેખા જાહેર કરવા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. અમરેલી




જિલ્લા સેવા સદનથી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ સહિત જિલ્લાના અધિકારીઓ જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન રાજ્યની શાળાઓની ગુણવત્તા ચકાસણી અભિયાન, નવી શિક્ષણ નીતિની રૂપરેખા પુસ્તિકાનું વિમોચન તથા નિપૂણ ગુજરાત અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્રણ દિવસીય મહોત્સવ દરમિયાન ધોરણ ૧, ૬, ૯ અને ૧૧માં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવવાની કામગીરી હાથ ધરાશે. જિલ્લા કલેક્ટરે અધિકારીઓને શાળા પ્રવેશોત્સવને માત્ર સરકારી કાર્યક્રમ તરીકે નહીં પરંતુ શિક્ષિત અને વિકસિત ભારતના નિર્માણના પાયા તરીકે ઉજવવા અપીલ કરી હતી.

# સાવરકુંડલા અને દામનગરમાંથી પરિણીતાઓ લાપતા બનતા ચકચાર

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાંથી બે પરિણીતા લાપતા બની હતી. સાવરકુંડલામાં રહેતા અને મિસ્ત્રીકામ કરતા બીપીનભાઈ નાનજીભાઈ ખંભાયતા (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની ઉર્વશીબેન ૧૨/૦૬/૨૦૨૬ના રોજ બપોરના આશરે એકાદ વાગ્યાથી બે વાગ્યાની આસપાસ પોતાની મેળે ઘરેથી કોઈને કંઈ કહ્યા વગર પોતાની દીકરી સાથે ક્યાંક જતાં રહ્યાં હતાં.

બીજા બનાવમાં દામનગરમાં રહેતા સિરાજભાઈ ગફારશાહ પઠાણ (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા પ્રમાણે, તેમના પત્ની રેવાબેન (ઉ.વ.૩૫) ઘરેથી કોઈને કહ્યા વગર જતા રહ્યા હતા.

# અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

**પ્રાકૃતિક ખેતી કાર્યશાળાની તૈયારીઓને લઈને માર્ગદર્શન અપાયું**

બાબરા,તા.૧૮

અમરેલી ખાતે જિલ્લા ભાજપ કાર્યાલયમાં કિસાન મોરચાની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આગામી ૨૦ જૂને યોજાનાર પ્રાકૃતિક ખેતી




કાર્યશાળાના સફળ આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના પ્રદેશ મંત્રી અને પ્રભારી બાબુભાઈ જોળીયા, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશ ખોખરીયા તેમજ જિલ્લા ભાજપ મહામંત્રી રાજુભાઈ ભુતૈયા સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં જિલ્લાના તમામ તાલુકા અને શહેર મંડળોના કિસાન મોરચાના હોદ્દેદારો, પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# વાંડળીયા ગામે વાડીએ રહેતી સગીરાને બિહારી ભગાડી ગયો

બાબરા, તા.૧૮

બાબરાના વાંડળીયા ગામે વાડીએ રહેતી સગીરાને બિહારનો યુવક ભગાડીને લઈ ગયો હતો.

બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના અને હાલ વાંડળીયા ગામે વાડીએ રહેતી સગીરાની માતાએ બિહારના એસાન સહજાદ આલમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની દીકરી સગીરવયનું હોવાનું આરોપી જાણતો હતો. તેમ છતાં લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે તેમના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના પી આઈ આર આર પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે 'વોક ફોર પીસ એન્ડ યોગા' રેલી યોજાઈ

અમરેલી, તા.૧૮

૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સમગ્ર ગુજરાતના તમામ કેન્દ્રોની સાથે બ્રહ્માકુમારીઝ સંસ્થા, અમરેલી દ્વારા 'વોક ફોર પીસ એન્ડ યોગા' શાંતિ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્વેત વસ્ત્રધારી ૧૦૦ ભાઈ-બહેનોની આ રેલીને યોગ બોર્ડના જિલ્લા કો-ઓર્ડીનેટર સાગરભાઈ મહેતાએ લીલી




ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. તેમણે યોગને જીવનની અમૂલ્ય સંપત્તિ ગણાવી તેના વ્યાપક પ્રસાર માટે પ્રેરણા આપી હતી. આ રેલી ગાંધીબાગથી શરૂ થઈ ફોરવર્ડ સર્કલ, નાગનાથ અને રાજકમલ ચોક થઈ પરત ગાંધીબાગ પહોંચી હતી.અમરેલી સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા ગીતાદીદીએ યાત્રાનું નેતૃત્વ કરતા જણાવ્યું કે, યોગ એ માત્ર શારીરિક કસરત નથી પરંતુ મન, બુધ્ધિ અને આત્માને પરમાત્મા સાથે જોડી શાંતિ, સુખ અને શક્તિ આપતું દિવ્ય સાધન છે. આ પ્રસંગે તમામ ભાઈ-બહેનોએ વિશ્વશાંતિ, માનવકલ્યાણ અને તણાવમુક્ત, નશામુક્ત સમાજના નિર્માણ માટે સંકલ્પો કર્યા હતા.

# લીલીયા કોલેજના એનસીસી કેડેટે રાષ્ટ્રીય ટ્રેકિંગ કેમ્પમાં મેળવી સિદ્ધિ

લીલીયા, તા.૧૮

સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, લીલીયાના એનસીસી કેડેટ ચૌહાણ ક્રિશ રાજુભાઈએ મધ્યપ્રદેશના અમરકંટક ખાતે યોજાયેલા પ્રતિષ્ઠિત નેશનલ કેમ્પ સ્પેશિયલ ટ્રેકિંગ કોર્સને સફળતાપૂર્વક પૂર્ણ કરીને કોલેજનું નામ રાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવ્યું છે. તારીખ ૯ જૂનથી ૧૬ જૂન દરમિયાન



યોજાયેલા આ કેમ્પમાં કેડેટ્સને નેવિગેશન, વાઈલ્ડરનેસ સેફ્ટી, ટેન્ટ પિચિંગ, રૂટ પ્લાનિંગ તેમજ પર્વતારોહણ સંબંધિત વિવિધ સાહસિક અને વ્યવહારુ તાલીમ આપવામાં આવી હતી. ચૌહાણ ક્રિશે તમામ પડકારજનક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શિબિર સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. કોલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ, એનસીસી ઓફિસર ડૉ. મહેશ એસ. ગઢિયા તેમજ સમગ્ર કોલેજ પરિવારે તેમને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. તેમની આ સિધ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પાંચમ
તા.૧૯-૦૬-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૨૩,
સૂર્યાસ્ત-૦૭:૨૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૧૯-૦૬-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજે તમે તમારી સમજણ દ્વારા કોઈપણ પરિસ્થિતિમાં સુમેળ જાળવી શકશો. બને એટલું જ કામ કરવા તૈયાર રહો. વ્યવહારિક દૃષ્ટિકોણ રાખો.

વૃષભ: આજનો દિવસ કૌટુંબિક અને આર્થિક બંને દ્રષ્ટિએ શુભ છે. દિનચર્યાને વ્યવસ્થિત રાખવા માટે ફક્ત તમારી જાતને અવલોકન કરો.

મિથુન: આજનો દિવસ તમારા મનના કાર્યોમાં પસાર થશે. તમારા પરિવાર સાથે વધુ સમય પસાર કરવાનો પ્રયાસ કરો. ઘરમાં કોઈ ધાર્મિક આયોજન પણ શક્ય છે.

કર્ક: નાણાકીય યોજનાઓ પણ સફળ થશે. તમારા મનમાં નવી યોજનાઓ આવી શકે છે. વધારે કામ અને થાકને કારણે ચીડિયાપણું પ્રવર્તી શકે છે.

સિંહ: આજે તમે શારીરિક અને માનસિક રીતે ઉર્જાવાન અનુભવ કરશો. આ સમયે તમે તમારા લક્ષ્યો અને કાર્યોને પ્રાથમિકતા આપો.

કન્યા: આજે ગ્રહોની સ્થિતિ થોડી અનુકૂળ રહેશે. કેટલાક સમયથી ચાલી રહેલા ટેન્શનમાંથી પણ તમને રાહત મળી શકે છે.

તુલા: સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહી શકો છો. થોડા લોકો તમારા કામમાં ખલેલ પહોંચાડી શકે છે, પરંતુ કોઈની ચિંતા કર્યા વગર તમે તમારા મન પ્રમાણે કામ પર ધ્યાન આપો.

વૃશ્ચિક: સામાજિક પ્રવૃત્તિઓમાં તમારું નિ:સ્વાર્થ યોગદાન તમને આધ્યાત્મિક સુખ આપશે. પ્રતિષ્ઠિત લોકો સાથે પણ લાભદાયક સંપર્ક થશે.

ધન: આજે તમે નજીકના લોકો સાથે મુલાકાત અને મનોરંજન સંબંધિત પ્રવૃત્તિઓમાં આનંદપૂર્વક સમય પસાર કરશો. કોઈ ખાસ સમસ્યાનો ઉકેલ પણ મળી શકે છે.

મકર: તમે તમારા કાર્યોને નવો આકાર આપવા માટે વધુ સર્જનાત્મક અભિગમ અપનાવશો અને સફળતા પણ પ્રાપ્ત કરશો.

કુંભ: દિવસની શરૂઆતમાં કાર્યોનું આયોજન કરવામાં થોડી મુશ્કેલી આવી શકે છે. પરંતુ બપોરે ગ્રહોની સ્થિતિ અનુકૂળ રહેશે અને કામમાં ઝડપ આવશે.

મીન: તમારી જીવનશૈલીને નવો આકાર આપવા માટે કેટલીક રચનાત્મક પ્રવૃત્તિઓમાં સમય પસાર થશે. વિદ્યાર્થીઓને કોઈપણ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળી શકે છે.

# સા.કુંડલામાં પરિણીતાને વીડિયો કોલના સ્ક્રીનશોટ વાયરલ કરવાની ધમકી આપી નાણા પડાવ્યા

**ભુજના મુસ્લિમ યુવક સામે ફરિયાદ નોંધાઈ**

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલામાં એક પરિણીતાને વીડિયો કોલના સ્ક્રીનશોટ વાયરલ કરવાની ધમકી આપી ભુજના યુવકે રૂ. ૩.૬૦ લાખ પડાવ્યા હોવાની ઘટના સામે આવી છે. આરોપીએ આ સ્ક્રીનશોટ મહિલાના પુત્રના ફોનમાં પણ મોકલ્યા હતા. આ બનાવ સંદર્ભે મહિલાએ ભુજના મહમદ શબ્બીર નુરમહમદ સમા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ પ્રમાણે, નવેમ્બર-૨૦૨૫માં મહિલા આરોપીના સંપર્કમાં આવી હતી. ત્યારબાદ આરોપીએ તેની સાથે સામાન્ય ફોન કોલ તેમજ વીડિયો કોલ પર અવારનવાર વાતચીત કરીને તેનો વિશ્વાસ જીતી લીધો હતો.આ દરમિયાન આરોપીએ મહિલાને વિશ્વાસમાં લઈ વીડિયો કોલ પર કપડાં ઉતરાવડાવ્યા હતા તેમજ અન્ય એક વીડિયો કોલમાં આપત્તિજનક કૃત્ય કરાવ્યું હતું. મહિલાને અંધારામાં રાખીને આરોપીએ આ બંને વીડિયો કોલ દરમિયાન ખાનગી પળોના સ્ક્રીનશોટ પાડી લીધા હતા. ત્યારબાદ આરોપીએ પોતાનું અસલી રૂપ બતાવી મહિલાને તેમજ તેના દીકરાના મોબાઈલ પર વોટ્સએપ મારફતે આ સ્ક્રીનશોટ મોકલી આપ્યા હતા. આ ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની અને પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીએ બ્લેકમેલિંગ શરૂ કર્યું હતું. જેનાથી ડરી ગયેલી મહિલાએ કટકે-કટકે રૂ. ૩,૬૦,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. કે. બી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં દીકરો જેલમાં જવાના આઘાતથી પિતાએ ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં પુત્ર જેલમાં જવાના આઘાતમાં પિતાએ ગળાફાંસો ખાઈને આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી. પુત્ર જેલમાં જતાં પિતાને મન દુઃખ થયું હતું અને આ આઘાત સહન ન થતાં તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે વિજયભાઈ વિનુભાઈ ડાભી (ઉ.વ. ૨૩)એ જાહેર કર્યા મુજબ, વિનુભાઈ જાગાભાઈ ડાભી (ઉ.વ. ૫૦)નો દીકરો છેલ્લા આશરે દોઢેક મહિનાથી કોઈ કારણોસર જેલમાં બંધ હતો. જેથી તેમને મનમાં લાગી આવતા ગળાફાંસો ખાઈ લીધો હતો, જેના કારણે તેમનું મરણ નીપજ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

**અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતની વધુ બે ઘટનાઓ પ્રકાશમાં આવી**

# અમરેલીમાં બાઈક સ્લીપ થતાં યુવકનું મોત, ખડસલીના પાટિયા પાસે આઈસરે બાઈકને ટક્કર મારી

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતની વધુ બે ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ છે. એક ઘટનામાં બાઈક સ્લીપ થતાં ચાલકનું મોત નીપજ્યું હતું, જ્યારે બીજી ઘટનામાં ખડસલી ગામના પાટિયા પાસે આઈસરે બાઈકને ટક્કર મારી હતી. અમરેલીમાં રહેતા ભાવિનભાઈ અરવિંદભાઈ આકોલીયા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ બાઈક લઈ વાડીએથી પોતાના ઘરે આવી રહ્યા હતા તે દરમિયાન બાઈક પરથી સંતુલન ગુમાવતા બાઈક સ્લીપ થઈ ગયું હતું. જેમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું.બીજા બનાવમાં મહુવામાં રહેતા કમલેશભાઈ રામજીભાઈ સાંખટ (ઉ.વ.૨૫) એ સાવરકુંડલાના આઈસર ચાલક રાજુભાઈ ગોહીલ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમના ભાઈ મોટર સાયકલ પર ચોટીલાથી પરત પોતાના ઘરે આવી રહ્યા હતા ત્યારે વીજપડી ગામ પાસે આવેલા ખડસલી ગામના પાટિયા નજીક આઈસર ચાલકે તેમની બાઈકને ટક્કર મારી હતી. જેના કારણે તેમના ભાઈને શરીરે ફ્રેક્ચર સહિતની નાની-મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જી આઈસર ચાલક વાહન સાથે નાસી ગયો હતો.

# રાજુલા શહેરમાં મોડી રાત્રે તાળાં ફંફોળતો પરપ્રાંતીય શખ્સ ઝડપાયો

**ચોરીના ઈરાદે રખડતો હોવાની શંકા**

રાજુલા, તા. ૧૮


રાજુલા શહેરમાં મોડી રાત્રે અંધારાનો લાભ લઈ બંધ દુકાનો અને વાડી વિસ્તારના મકાનોને નિશાન બનાવવાની ફિરાકમાં ફરતા એક પરપ્રાંતીય શખ્સને પોલીસે શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યો હતો. રાજુલા પોલીસની ટીમ જ્યારે રાત્રિ પેટ્રોલિંગમાં હતી, ત્યારે અંધારામાં એક અજાણ્યો શખ્સ શંકાસ્પદ હલચલ કરતો જોવા મળ્યો હતો. આ પરપ્રાંતીય બાબુ લાલુ મસાર (ઉ.વ. ૩૦) રાત્રિના સમયે બંધ દુકાનોની આસપાસ અને સીમ વિસ્તારમાં આવેલી વાડીઓના મકાનોના તાળાં ફંફોળતો હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. પોલીસે સજાગતા દાખવીને આ શખ્સને કોર્ડન કરી તુરંત જ ઝડપી લીધો હતો. પ્રાથમિક પૂછપરછમાં તે કોઈ ચોક્કસ કારણ વગર લપાતો-છુપાતો ભટકતો હોવાનું અને તેનો ઈરાદો ચોરી અથવા મિલકત સંબંધિત ગુનો કરવાનો હોવાનું જણાઈ આવ્યું હતું. પોલીસે આ શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તેની અટકાયત કરી છે અને તે અગાઉ કોઈ ગુનાખોરીમાં સંડોવાયેલો છે કે નહીં તે દિશામાં તપાસ શરૂ કરી છે. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. કે. વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# તમિલનાડુ ભાજપનું નવું લક્ષ્ય

બંગાળ અને મહારાષ્ટ્ર બાદ હવે ભાજપની નજર તમિલનાડુ પર છે. ૮૫૦ બેઠકોવાળી સંસદની તૈયારીઓ અને બે તૃતીયાંશ બહુમતી માટે બ્લુપ્રિન્ટ તૈયાર છે. ૧૭ એપ્રિલના રોજ સીમાંકન બિલની નિષ્ફળતા બાદ સરકારે હવે નવી રણનીતિ અપનાવી છે. આ રણનીતિનો મુખ્ય હેતુ સંસદમાં પોતાની સંખ્યા વધારીને બંધારણીય સુધારા માટે જરૂરી બે તૃતીયાંશ બહુમતી હાંસલ કરવાનો છે. હાલની લોકસભામાં ભાજપને પોતાના બળ પર બહુમતી તો છે, પણ બંધારણ સુધારા માટે જરૂરી બે તૃતીયાંશનો આંકડો હજુ દૂર છે. ૧૭ એપ્રિલે સીમાંકન બિલ ન પસાર થવું એ સરકાર માટે એક મોટો ઝટકો હતો. આ હાર બાદ સરકારે સમજી લીધું કે માત્ર સહયોગી પક્ષોના ટેકાથી આ મુશ્કેલ કામ નહીં થાય. તેથી હવે વિપક્ષી પક્ષોના સાંસદોને પોતાની તરફ આકર્ષવાની કવાયત શરૂ થઈ છે. તાજેતરમાં જ શિવસેના ના ૭ સાંસદોએ બળવો કર્યો છે અને સ્પીકરને પત્ર મોકલીને શિંદે જૂથ સાથે વિલીનીકરણની વિનંતી કરી છે. આ ઘટના ખૂબ મહત્વની છે કારણ કે પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ પક્ષમાં વિભાજન માટે બે તૃતીયાંશ સાંસદોનો ટેકો જરૂરી છે. નવમાંથી ૭ સાંસદો એટલે બે તૃતીયાંશથી વધુ, તેથી તેઓ કાયદેસર જૂથ હોવાનો દાવો કરી શકે છે. આનાથી લોકસભામાં એનડીએની સંખ્યા તો વધશે જ, પણ સાથે સાથે વિપક્ષી ગઠબંધનને પણ મોટો ફટકો પડશે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ બળવા પાછળ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો હાથ હોવાની ચર્ચા છે. કોંગ્રેસે તો સીધો આરોપ લગાવ્યો છે કે શાહ ૧૭ એપ્રિલે થયેલા પોતાના અપમાનનો બદલો લેવા માટે આ કરી રહ્યા છે. સવાલ એ થાય કે શું આ રીતે સાંસદોને તોડવા એ લોકશાહીના નિયમો સાથે મેળ ખાય છે? જે સાંસદો બે વર્ષ પહેલાં ભાજપ વિરોધી એજન્ડા પર ચૂંટાયા હતા, તેઓ આજે ભાજપ સાથે જોડાઈ રહ્યા છે, આ રાજકીય નૈતિકતા વિશે ગંભીર સવાલ ઊભા કરે છે. હવે સવાલ એ છે કે આ બધાની પાછળ સરકારનો અંતિમ ઉદ્દેશ્ય શું છે? ૮૫૦ બેઠકો સુધીનું સીમાંકન, મહિલા અનામતનો અમલ, અને 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' જેવા મહત્વાકાંક્ષી કાર્યક્રમો માટે બંધારણ સુધારાની જરૂર છે. આ બધા માટે બે તૃતીયાંશ બહુમતી અનિવાર્ય છે. પણ શું આટલી મોટી બહુમતી મેળવવા માટે સાંસદોને તોડવા-ફોડવાનો રસ્તો યોગ્ય છે? લોકશાહીમાં વિચારોના મતદાનનું મહત્વ છે, સાંસદોની ખરીદી-વેચાણનું નહીં. તમિલનાડુ પર ભાજપની નજર હોવાનો અર્થ એ છે કે ત્યાં ડીએમકેને નિશાન બનાવવામાં આવી રહી છે. ડીએમકે સીમાંકન અને 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ના સખત વિરોધમાં છે. તેઓ માને છે કે આ ફેરફારો દક્ષિણ ભારતનાં રાજ્યોના હિતો સામે છે. જો ભાજપ તમિલનાડુમાં પણ પોતા તરફ સાંસદોને આકર્ષવામાં સફળ થાય છે, તો દક્ષિણ ભારતનો વિરોધ નબળો પડી શકે છે. પણ આ રણનીતિ સરળ નથી. દરેક પક્ષમાં પોતાના સાંસદોને એકઠા રાખવાની તાકાત હોય છે. ઉદાહરણ તરીકે, ઉદ્ધવ ઠાકરેએ પોતાના તમામ સાંસદોને હાજરી આપવા સૂચના આપી છે. એટલે કે વિપક્ષી પક્ષો પણ સાવ નિષ્ક્રિય નથી બેઠા. તેઓ પોતાના સાંસદોને સાચવવા માટે સક્રિય થઈ ગયા છે. આ રાજકીય યુદ્ધ હવે વધુ રસપ્રદ બનશે. જો સરકાર બે તૃતીયાંશ બહુમતી હાંસલ કરી લે છે, તો ચોમાસા સત્ર પહેલાં ખાસ સત્ર બોલાવીને સીમાંકન બિલ પસાર કરી શકાય છે. આ સાથે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી ૮૫૦ બેઠકો પર લડાઈ શકે છે. આ આંકડો ભારતીય રાજનીતિનો ચહેરો જ બદલી નાખશે. વધુ બેઠકો એટલે વધુ રાજકીય ઘમસાણ, વધુ ખર્ચ, અને સંભવતઃ વધુ અસ્થિરતા. આ સમગ્ર ઘટનાક્રમ ભારતીય લોકશાહી માટે એક મહત્વપૂર્ણ વળાંક છે.

# ૧૩ બિલિયનનું સુપરકેરિયર યૂએસ. એસ. ગેરાર્ડ કાગળનો વાઘ સાબિત થયું



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

અમેરિકાના નૌકાદળના સૌથી મોંઘા અને અદ્યતન યુદ્ધ જહાજ USS ગેરાલ્ડ આર. ફોર્ડે તાજેતરમાં ૩૨૬ દિવસનું ઐતિહાસિક મિશન પૂર્ણ કર્યું છે, પરંતુ તેની સાથે એક શરમજનક હકીકત પણ સામે આવી છે કે આ $૧૩ બિલિયનનું સુપરકેરિયર અમેરિકન નૌકાદળના સૌથી અદ્યતન F-35C સ્ટીલ્થ ફાઈટર જેટને ઉડાડવા માટે સંપૂર્ણપણે અસમર્થ છે. આ સમસ્યા એટલી ગંભીર છે કે જો આ જહાજ પર F-35C ઉડાડવામાં આવે તો તે જહાજના ડેકને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે, જે આધુનિક યુધ્ધ જહાજોની ડિઝાઈન અને આયોજનમાં ગંભીર ખામીઓ તરફ ઈશારો કરે છે. આ સમસ્યાનું સૌથી મોટું કારણ F-35C ના એન્જિન દ્વારા ઉત્પન્ન થતી અત્યંત ગરમી છે. F-35Cનું એન્જિન લગભગ ૩૬૦૦ ડિગ્રી ફેરનહીટ જેટલું તાપમાન ઉત્પન્ન કરે છે, જે હાલમાં ફોર્ડ પર ઉડાડવામાં આવતા F/A-18 સુપર હોર્નેટ કરતાં ઘણું વધારે છે. જહાજના ડેક પર લગાવવામાં આવેલા જેટ બ્લાસ્ટ ડિફ્લેક્ટર અને આસપાસની સપાટીઓ આટલી ઊંચી ગરમીનો સતત સામનો કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા નથી, જેના કારણે અમેરિકન નૌકાદળને ભય છે કે વર્તમાન સ્થિતિમાં F-35C ઉડાડવાથી જહાજના ડેકને કાયમી નુકસાન થઈ શકે છે. આ માત્ર ડેકની સમસ્યા નથી, પરંતુ F-35C એક સ્ટીલ્થ એરક્રાફ્ટ હોવાને કારણે તેના જાળવણી માટે વિશિષ્ટ સુવિધાઓની પણ જરૂર છે. આમાં તેના સ્ટીલ્થ કોટિંગને સુધારવા માટે વિશિષ્ટ વર્કશોપ, સંવેદનશીલ ઈલેક્ટ્રોનિક સિસ્ટમ્સ માટે સુરક્ષિત રૂમ અને ODIN નામનું ડિજિટલ ડાયગ્નોસ્ટિક નેટવર્ક સામેલ છે. કમનસીબે, આમાંની ઘણી સિસ્ટમો હજુ ફોર્ડ પર સંપૂર્ણ રીતે કાર્યરત નથી, જે આ જહાજને F-35C માટે અયોગ્ય બનાવે છે. આ સમસ્યાનું મૂળ ૨૦૦૫ની આસપાસનું છે, જ્યારે ફોર્ડની ડિઝાઈનને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. તે સમયે, F-35C માટેનાં અંતિમ ટેકનિકલ સ્પષ્ટીકરણો હજુ સ્થાપિત થયાં નહોતાં. આનો અર્થ એ થયો કે વિમાનવાહક જહાજ પહેલા ડિઝાઈન કરવામાં આવ્યું અને વિમાન પછીથી બનાવવામાં આવ્યું. જ્યાં સુધી F-35Cની સાચી જરૂરિયાતો સ્પષ્ટ થઈ, ત્યાં સુધીમાં ફોર્ડનું બાંધકામ પહેલેથી જ ઘણું આગળ વધી ગયું હતું. પરિણામે, આ બંને પ્લેટફોર્મ સંપૂર્ણપણે સંકલિત થઈ શક્યા નહીં, જે આજે મોટી સમસ્યા બનીને ઉભરી આવ્યું છે. આ સમગ્ર મામલો એટલો ગંભીર છે કે તેને સુધારવા માટે હવે USS ગેરાલ્ડ ફોર્ડને ઓછામાં ઓછા એક વર્ષ માટે શિપયાર્ડમાં મોકલવામાં આવ્યું છે. જહાજને તેની ખામીઓ સુધારવા અને F-35C સાથે સુસંગત બનાવવા માટે વ્યાપક અપગ્રેડ કરવામાં આવશે. આ દરમિયાન, અમેરિકન નૌકાદળને જૂના F/A-18 સુપર હોર્નેટ ફાઈટર જેટ્સ પર જ નિર્ભર રહેવું પડશે, જે આધુનિક યુધ્ધના પડકારો સામે અપૂરતા સાબિત થઈ શકે છે. ફોર્ડની તાજેતરની ૩૨૬-દિવસનુ મિશન પણ પડકારોથી ભરપૂર રહયુ હતું. આ દરમિયાન જહાજને વેનેઝુએલા અને પછી ઈરાનમાં તૈનાત કરવામાં આવ્યું હતું, પરંતુ તેને શૌચાલય ભરાઈ જવાની, આગ લાગવાની અને ક્રૂ સભ્યોના સતત દરિયાઈ સમયથી પરેશાન થવાની સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. વિયેતનામ યુધ્ધ પછી આ કોઈપણ અમેરિકન વિમાનવાહક જહાજનું સૌથી મોટું તૈનાત હોવા છતાં, તે F-35C ઉડાડવામાં નિષ્ફળ રહ્યું, જે તેના માટે એક મોટો ફટકો છે. આ ઘટના આધુનિક યુધ્ધ જહાજોની ડિઝાઈન અને આયોજન માટે એક મહત્વપૂર્ણ પાઠ છે. એક તરફ જ્યાં ટેકનોલોજી ઝડપથી વિકસી રહી છે, ત્યાં જહાજોની ડિઝાઈન એટલી લવચીક હોવી જોઈએ કે તેઓ ભવિષ્યના શસ્ત્રો અને વિમાનોને સમાવી શકે. જો કોઈ જહાજ તેના પ્રાથમિક ફાઈટર જેટને ઉડાડી શકતું નથી, તો તે તેના ખર્ચ અને ક્ષમતાના હિસાબે એક નિષ્ફળ રોકાણ ગણાશે. USS ગેરાલ્ડ ફોર્ડની આ સ્થિતિ અમેરિકન નૌકાદળ માટે શરમજનક તો છે જ, પરંતુ તે વૈશ્વિક સ્તરે અન્ય નૌકાદળો માટે પણ ચેતવણી છે. ખર્ચાળ અને અદ્યતન ટેકનોલોજીનો અર્થ એ નથી કે તે યુધ્ધ માટે સંપૂર્ણપણે તૈયાર છે. ડિઝાઈન, આયોજન અને ભવિષ્યની જરૂરિયાતોની અપેક્ષા વચ્ચેનો તાલમેલ જ આધુનિક યુધ્ધ જહાજોની સફળતા નક્કી કરે છે. ફોર્ડની આ નિષ્ફળતા એ પણ દર્શાવે છે કે સંરક્ષણ ક્ષેત્રમાં ઝડપથી બદલાતી ટેકનોલોજી સાથે તાલમેલ રાખવો કેટલો પડકારજનક છે. F-35C જેવા પાંચમી પેઢીના ફાઈટર જેટ્સની જરૂરિયાતો એટલી અનોખી હોય છે કે તેમના માટે સંપૂર્ણપણે નવા જહાજોની ડિઝાઈન કરવી પડે છે. જો કોઈ જહાજ તેની ડિઝાઈનના દાયકાઓ પછી પણ આ જરૂરિયાતોને પૂર્ણ ન કરી શકે, તો તે સમય અને સંસાધનોનો ભારે બગાડ છે. હવે એક વર્ષના અપગ્રેડ બાદ પણ શું USS ગેરાલ્ડ ફોર્ડ ખરેખર F-35C ઉડાડી શકશે તે જોવાનું રસપ્રદ રહેશે. પરંતુ ત્યાં સુધી, આ $13 બિલિયનનું સુપરકેરિયર 'કાગળના વાઘ' સિવાય બીજું કશું નથી, જે દેખાવમાં ભલે ભયંકર લાગતું હોય પણ વાસ્તવિક યુધ્ધ માટે તૈયાર નથી. આ ઘટના સંરક્ષણ આયોજનમાં 'ફોર્મ્યુલા વન' અભિગમને બદલે વધુ વ્યવહારુ અને લવચીક અભિગમની જરૂરિયાત પર ભાર મૂકે છે.

**વિશ્વના સૌથી મોટા અમેરિકાના વિમાન વાહક જહાજને અત્યંત આધુનિક કહેવામાં આવે છે અમેરિકાનું નંબર વન યુધ્ધ વિમાન વાહક જહાજ છે. જેને સુપર કેરિયર કહેવામાં આવે છે. આવી વિમાન વાહક જહાજ નામ બડે ઓર દર્શન છોટે જેવું છે કારણ કે તે F-૩૫ ઉડાડી શકતું નથી !**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૧૦ | ૧૮૬૩ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૫૩ |
| જુવાર સફેદ | ૧૦૦૨ | ૧૧૨૪ |
| જુવાર લાલ | ૧૦૭૦ | ૧૧૭૮ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૫૦ |
| બાજરી | ૩૭૬ | ૫૦૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૯૦ |
| ચણા પીળા | ૧૧૨૦ | ૧૨૦૦ |
| ચણા સફેદ | ૧૧૪૦ | ૧૭૮૦ |
| અડદ | ૧૩૧૦ | ૧૭૧૮ |
| મગ | ૧૧૭૫ | ૧૭૭૦ |
| વાલ દેશી | ૫૦૦ | ૧૧૬૧ |
| ચોળી | ૧૦૨૦ | ૧૬૫૦ |
| વટાણા | ૬૫૦ | ૯૧૫ |
| કળથી | ૩૫૧ | ૫૦૦ |
| રાજમા | ૩૬૦ | ૧૨૪૮ |
| સીંગદાણા | ૧૪૭૦ | ૧૭૫૦ |
| મગફળી જાડી | ૧૧૪૦ | ૧૫૫૭ |
| મગફળી જીણી | ૧૧૨૫ | ૧૫૪૧ |
| તલી | ૧૭૮૦ | ૨૪૨૦ |
| એરંડા | ૧૨૭૫ | ૧૩૯૯ |
| અજમો | ૧૯૫૦ | ૨૪૦૦ |
| સુવા | ૧૧૪૧ | ૧૪૭૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૭૦ |
| સીંગફાડા | ૧૩૮૦ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૧૫૦ | ૩૭૩૬ |
| લસણ | ૧૦૭૫ | ૨૬૦૦ |
| ધાણા | ૨૨૨૫ | ૨૭૧૦ |
| ધાણી | ૨૪૨૧ | ૨૮૫૦ |
| વરીયાળી | ૧૩૫૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૧૦૦ |
| રાય | ૧૩૫૦ | ૧૬૯૦ |
| મેથી | ૮૪૦ | ૧૬૭૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૯૫૦ | ૧૦૪૦ |
| કલોંજી | ૨૮૭૫ | ૩૪૬૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૩૯૫ |
| રજકાનું બી | ૭૨૫૦ | ૯૧૭૫ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૬૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૪૫ | ૬૮૮ |
| લીંબુ | ૪૭૬ | ૯૫૧ |
| પપૈયા | ૮૨ | ૧૫૪ |
| બટેટા | ૧૦૪ | ૨૯૭ |
| ટમેટા | ૪૮૧ | ૮૧૭ |
| સુરણ | ૭૭૧ | ૧૦૩૪ |
| કોથમરી | ૭૧૫ | ૧૨૨૫ |
| રીંગણા | ૧૨૫ | ૨૬૬ |
| કોબીજ | ૧૭૫ | ૩૯૧ |
| ફ્લાવર | ૩૫૩ | ૬૪૧ |
| ભીંડો | ૩૫૧ | ૬૫૯ |
| ગુવાર | ૫૯૨ | ૧૨૦૬ |
| ચોળાસીંગ | ૭૧૧ | ૧૨૨૫ |
| ટીંડોળા | ૩૭૭ | ૮૨૬ |
| દુધી | ૧૪૬ | ૩૧૦ |
| કારેલા | ૩૮૧ | ૬૩૧ |
| સરગવો | ૪૧૬ | ૮૩૨ |
| તુરીયા | ૪૮૫ | ૮૧૨ |
| પરવર | ૬૧૨ | ૮૨૧ |
| કાકડી | ૩૩૧ | ૮૫૮ |
| ગાજર | ૩૨૩ | ૫૧૮ |
| વટાણા | ૧૧૩૨ | ૧૫૪૦ |
| ગલકા | ૧૫૨ | ૪૦૩ |
| બીટ | ૨૧૩ | ૪૨૪ |
| મેથી | ૮૮૨ | ૧૨૮૯ |
| ડુંગળી લીલી | ૮૧૩ | ૧૧૫૨ |
| આદુ | ૧૮૩૯ | ૨૪૨૬ |
| મરચા લીલા | ૮૩૧ | ૧૦૪૮ |
| મકાઇ લીલી | ૨૯૪ | ૫૧૧ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૮૨૧ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૬૩૮ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૮૫૧ |
| સિંગદાણા જાડા | ૧૪૦૧ | ૧૯૦૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૨૧ |
| એરંડા / એરંડી | ૯૮૬ | ૧૩૭૧ |
| જીરૂ | ૨૨૫૧ | ૪૨૨૧ |
| ક્લંજી | ૧૪૦૧ | ૩૪૭૧ |
| વરીયાળી | ૧૫૭૬ | ૧૫૭૬ |
| ધાણા | ૧૮૦૧ | ૨૮૦૧ |
| લસણ સુકું | ૭૧૧ | ૧૭૧૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૪૩૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૭૧ |
| તુવેર | ૧૧૨૧ | ૧૫૪૧ |
| રાયડો | ૧૧૪૧ | ૧૧૪૧ |
| રાય | ૧૩૦૦ | ૧૬૧૧ |
| મેથી | ૯૨૬ | ૧૪૬૧ |
| સુવાદાણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| કાંગ | ૩૧૧ | ૫૪૧ |
| મગફળી જાડી | ૧૧૭૧ | ૧૬૯૬ |
| સફેદ ચણા | ૧૦૨૧ | ૧૭૮૧ |
| તલ - તલી | ૧૯૦૧ | ૨૫૦૧ |
| ધાણી | ૧૯૦૧ | ૨૯૭૬ |
| ડુંગળી સફેદ | ૧૦૧ | ૨૫૪ |
| બાજરો | ૩૧૧ | ૪૧૧ |
| જુવાર | ૪૪૧ | ૧૦૫૧ |
| મકાઇ | ૩૮૧ | ૫૧૧ |
| મગ | ૧૦૦૧ | ૧૮૭૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૬ |
| વાલ | ૨૮૧ | ૮૨૬ |
| ચોળા / ચોળી | ૯૦૧ | ૧૪૭૧ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૫૮૧ |
| અજમાં | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૦૧ |
| વટાણા | ૩૦૦ | ૮૭૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૯૬૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૭૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૪૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૮૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૭૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૨૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૯ |
| કોથમીર પુરા | ૩ | ૬ |
| ક્રુદ્દિક્રિ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૪૦૦ |
| મેથી પુરા | ૧૦ | ૧૫ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૧૮૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૭૦૦ |
| ફણશી | ૧૫૦૦ | ૨૩૦૦ |
| મકાઇ ડોડા | ૧૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૫ |
| પાલક પુરા | ૩ | ૫ |

| ફળ | નીચો | ઉંચો |
|---|---|---|
| દાડમ | ૧૦૦૦ | ૩૪૦૦ |
| સફરજન | ૨૪૦૦ | ૪૮૦૦ |
| ચીકુ | ૪૦૦ | ૧૦૦૦ |
| કેળા | ૩૨૦ | ૫૦૦ |
| ક્મલમ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ગુલાબ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| બદામ કેરી | ૮૦૦ | ૧૧૦૦ |
| ઓરેંજ | ૧૬૦૦ | ૨૬૦૦ |
| મોસંબી | ૬૦૦ | ૧૪૦૦ |
| દ્રાક્ષ | ૩૮૦૦ | ૪૦૦૦ |
| કેસર કેરી | ૬૦૦ | ૨૦૦૦ |
| આલુચા | ૧૬૦૦ | ૩૦૦૦ |
| ખારેક | ૨૦૦ | ૧૮૦૦ |
| તોતાપુરી કેરી | ૨૦૦ | ૪૫૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૦૫૦ | ૧૩૬૦ |
| શિંગદાણા | ૧૭૦૦ | ૨૧૧૫ |
| શિંગદાણા ફાડા | ૧૩૬૦ | ૧૬૭૦ |
| તલ સફેદ | ૧૪૨૦ | ૨૫૪૦ |
| તલ કાળા | ૨૧૪૦ | ૩૭૭૫ |
| તલ કાશમીરી | ૧૯૪૦ | ૨૩૩૦ |
| બાજરો | ૩૦૦ | ૪૩૫ |
| જુવાર | ૧૦૩૦ | ૧૦૪૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૪૯૦ |
| મગ | ૧૨૩૦ | ૧૭૩૦ |
| અડદ | ૧૦૧૦ | ૧૬૧૫ |
| ચણા | ૮૮૦ | ૧૧૪૫ |
| ચણા દેશી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સફેદ ચણા | ૧૦૯૫ | ૧૧૭૫ |
| છોલે ચણા | ૧૨૭૦ | ૧૨૭૦ |
| તુવેર | ૮૬૦ | ૧૪૭૦ |
| કપાસ | ૯૫૦ | ૧૯૦૦ |
| એરંડા | ૧૧૬૫ | ૧૩૪૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૦૦૫ |
| રાય | ૧૫૨૦ | ૧૫૫૦ |
| ધાણી | ૧૧૧૦ | ૨૮૦૦ |
| અજમા | ૧૦૫૦ | ૨૬૫૫ |
| મેથી | ૭૨૫ | ૧૩૭૦ |
| સોયાબીન | ૧૧૯૦ | ૧૩૪૫ |
| રજકાબી | ૧૧૯૦ | ૧૩૪૫ |
| કાંગ | ૨૬૦ | ૪૬૫ |
| કલોંજી | ૧૬૫૦ | ૩૧૦૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૭૦ | ૨૭૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૮૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૫૦ |
| શકકરીયા | ૫૫૦ | ૭૨૦ |
| ટમેટાં | ૯૦૦ | ૧૧૦૦ |
| સુરણ | ૮૩૦ | ૯૧૦ |
| ગાજર | ૬૨૦ | ૭૦૦ |
| દુધી | ૨૧૦ | ૨૬૦ |
| કારેલા | ૫૫૦ | ૬૫૦ |
| ગલકા | ૩૨૦ | ૪૨૦ |
| કાચીકેરી | ૯૫૦ | ૧૫૫૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૧૦ | ૧૪૦૦ |
| પાકીકેરી | ૭૫૦ | ૧૫૦૦ |
| વટાણા | ૧૯૫૦ | ૨૦૨૦ |
| ચોળા લીલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૯૩૦ | ૧૦૨૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૭૫૦ | ૮૫૦ |
| ફોદીનો | ૪૩૦ | ૫૩૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૩૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૫૦ | ૫૦૦ |
| લસણ સુકું | ૧૨૫૦ | ૨૩૦૦ |
| પાલક | ૬૫૦ | ૭૩૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૯૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૪૦૦ | ૧૫૪૫ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૬૦ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૬૬૭ |
| જીરૂ | ---- | ૩૬૫૧ |
| કપાસ | ૧૫૫૦ | ૧૮૪૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૦૦ |
| બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| જુવાર | ૬૦૦ | ૧૦૮૦ |
| મગ | ૧૫૫૦ | ૧૭૨૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૬૪ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૦૦ |
| એરંડી | ૧૨૫૦ | ૧૩૭૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૨૦ |
| રાય/રાયડો | ૧૩૦૦ | ૧૪૩૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૮૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૩૦ | ૧૩૩૦ |
| ઘઉં | ૪૨૬ | ૪૫૫ |
| ચણા | ૧૦૫૫ | ૧૧૫૦ |
| તુવેર | ૧૧૭૫ | ૧૩૨૦ |
| ધાણા | ૨૪૭૦ | ૨૫૨૫ |
| મગ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૧ |
| તલ કાળા | ૨૫૪૦ | ૨૫૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| મેથી | ૧૦૨૫ | ૧૧૬૦ |
| શીંગ દાણા | ૧૩૯૦ | ૧૮૧૦ |
| શીંગ ફાડા | ૧૪૮૦ | ૧૪૮૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ઘઉં લોકવન | ૩૦૦ | ૪૬૧ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ઘઉં ટુકડા | ૪૪૭ | ૫૦૧ |
| તુવેર | ૧૧૯૦ | ૧૩૨૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| એરંડી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ધાણા | ૨૧૫૦ | ૨૫૩૦ |
| તલ કાળા | ૧૦૦૦ | ૧૬૨૦ |
| મગ | ૧૨૯૦ | ૧૫૭૧ |
| સોયાબીન | ૧૨૬૦ | ૧૩૫૧ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૩૦ | ૧૮૩૨ |
| કપાસ મીડીયમ | ૧૫૨૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૨૫ | ૧૩૩૫ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૮૯૦ | ૩૫૧૦ |
| જીરૂ | ૨૮૩૫ | ૩૯૯૫ |
| ચણા | ૧૧૨૫ | ૧૧૬૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| મગ | ૧૩૮૫ | ૧૬૨૫ |
| એરંડા | ૧૦૪૫ | ૧૩૦૫ |
| તુવેર | ૧૦૭૦ | ૧૨૯૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૯૧ | ૧૮૦૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૭૧ |
| મગ | ૧૦૦૧ | ૧૬૨૧ |
| ચણા | ૮૫૧ | ૧૧૨૬ |
| અડદ | ૫૦૧ | ૧૧૯૧ |
| તુવેર | ૭૦૧ | ૧૪૭૬ |
| મગફળી | ૮૧૧ | ૧૨૦૬ |
| શીંગદાણા | ૧૫૦૧ | ૧૮૫૧ |
| શીંગફાડા | ૧૨૦૧ | ૧૫૯૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૩૯૧ |
| તલ કાળા | ૧૩૦૧ | ૨૯૨૬ |
| મેથી | ૮૦૧ | ૧૨૫૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૬૭૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૩૯૬ |

### મહુવા

| | | |
|---|---|---|
| એરંડા | ૧૧૫૦ | ૧૩૩૮ |
| જુવાર | ૩૯૯ | ૧૦૯૫ |
| બાજરી | ૩૮૧ | ૧૦૯૫ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૬૦ |
| મકાઈ | ૪૪૮ | ૪૪૮ |
| અડદ | ૧૬૪૧ | ૧૬૯૬ |
| મગ | ૧૩૦૦ | ૧૮૫૨ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ચણા | ૫૫૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૦૦૧ | ૩૫૫૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૪૬ |
| મેથી | ૧૩૩૦ | ૧૩૭૪ |
| ડુંગળી લાલ | ૧૧૫ | ૪૮૬ |
| ડુંગળી સફેદ | ૨૦૪ | ૨૯૩ |
| નાળીયેર | ૭૩૦ | ૩૦૩૬ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૫૨૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૫ | ૫૦૯ |
| ઘઉં | ૪૨૦ | ૫૧૦ |
| રાય | ૧૪૦૦ | ૧૫૧૫ |
| મેથી | ૮૦૦ | ૧૨૨૫ |
| જુવાર | ૭૦૦ | ૧૦૫૦ |
| ચોળી | ૭૨૫ | ૧૫૯૮ |
| અડદ | ૧૬૫૦ | ૧૭૯૯ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૪ |
| સફેદ તલ | ૧૮૫૦ | ૨૪૦૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૭૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૮૫ |
| રજકો | ૪૦૦૦ | ૭૨૦૦ |


### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૪૪૦ | ૧૧૦૫ |
| બાજરો | ૩૫૦ | ૪૯૫ |
| ઘઉં | ૩૫૦ | ૪૬૭ |
| મગ | ૧૫૫૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૩૪૦ | ૧૬૮૦ |
| તુવેર | ૫૫૦ | ૧૪૧૦ |
| વાલ | ૭૦૦ | ૭૫૦ |
| ચણા | ૭૭૦ | ૧૧૬૪ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૮૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૪૭૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૬૦ |
| તલ | ૧૫૦૦ | ૨૪૨૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૬૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૩૬૦ |
| રાઈ | ૧૨૦૦ | ૧૬૫૫ |
| લસણ | ૮૦૦ | ૨૪૦૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૭૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૧૫ |
| અજમો | ૨૪૦૫ | ૩૫૨૫ |
| અજમાની ભૂસી | ૪૫ | ૨૭૮૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૭૨૦ |
| ડુંગળી | ૧૭૫ | ૩૪૫ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૭૭૦ |
| વટાણા | ૪૧૦ | ૭૬૫ |
| કલોંજી | ૧૨૪૦ | ૩૪૪૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૦૧૦ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૨૧૫૧ | ૨૩૧૭ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૦૭૧ |
| કપાસ | ૧૧૦૧ | ૧૭૭૦ |
| બાજરો | ૩૬૦ | ૫૧૨ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૭૦ |
| જુવાર | ૩૦૦ | ૧૧૬૦ |
| મગ | ૯૦૦ | ૧૬૫૯ |
| અડદ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| તુવેર | ૮૫૦ | ૧૨૬૦ |
| ચણા | ૯૦૦ | ૧૬૫૦ |
| મેથી | ૬૦૧ | ૧૨૦૨ |
| રાય | ૧૪૫૦ | ૧૫૦૧ |

## શબ્દ સંજોગ-૨૨૧૭



**આડી ચાવી :**
(૧) પશ્ચિમ ઘાટનો એક પર્વત (૩)
(૩) અજર અને અમર (૫)
(૮) આવવું તે અંગ્રેજીમાં(અ) (૨)
(૧૦) રડયા કરતું (૪)
(૧૧) બખતર, તાવીજ (૩)
(૧૩) કલ્પના થી ઉત્પન્ન થયેલું (૪)
(૧૬) નારી, સુંદર સ્ત્રી (૨)
(૧૭) અવલોકન, નિરીક્ષણ (૪)
(૧૯) દાન, દક્ષિણા(૨)
(૨૦) પક્ષીઓનો અવાજ (આઅ) (૪)
(૨૧) પાણીનો વેગ (૨)
(૨૨) સહેલું, સુગમ(૩)
(૨૪) કૌવક, જોર (૪)
(૨૫) અભિપ્રાય (૨)
(૨૬) ચાલચલગત, વર્તણુક (૪)
(૨૭) વસવું તે (૨)

**ઉભી ચાવી :**
(૧) ઓચિંતુ , ઉતાવળે (૩)
(૨) જેની ત્રણ બાજુએ પાણી હોય એવો જમીનનો ભાગ(૪)
(૪) સોનું, પૈસો (૨)
(૫) ચીસ, બૂમ (૨)
(૬) ચોખાની એક બનાવટ (૩)
(૭) ઉનાળામાં કેરીનો ___ ખવાય(૨)
(૯) ધરતી, પૃથ્વી(૩)
(૧૨) સ્ત્રીઓનું એક ઘરેણું (૨)
(૧૩) અમલદાર, અધિકારી (૪)
(૧૪) ચંચળ, સુંદર(૩)
(૧૫) સતત,નિરંતર (આ - અ) (૫)
(૧૭) બૂમ પાડીને બોલાવવું તે (૪)
(૧૮) આવડત, ગમ(૨)
(૨૧) તેજ, દીપ્તિ (૨)
(૨૨) ખાંડનું અંગ્રેજી(૩)
(૨૩) ભોંય ખોદીને કરેલો ચૂલો(૩)
(૨૪) સાંચ ને ___ નહી (૨)
(૨૫) પુષ્કળ (૨)

## શબ્દ સંજોગ-૨૨૧૬ જવાબ

**આડી ચાવી:** (૧) દપકામણ (૪) ગુંજન (૬) મઠ (૭)બટ (૮) ખમણ (૧૦) કાજલ (૧૧) તર (૧૨) અરક (૧૪) જાનકી (૧૭) બાજરી (૧૬) પાળ (૧૭) દમકસી (૧૯) વાયસ (૨૧) સદરો (૨૨) દવ (૨૪) કોકમ (૨૬) ળવ (વળ) (૨૭) નીલમ (૨૮) સીસમ **ઉભી ચાવી:** (૧) દરખત (૨) કામણ (૩) મઠ (૪) ગુંબજ (૫) જટલ (૯) મરજાદ (૧૦) કાકલી (૧૨) અકીક (૧૩) નળસરોવર (૧૫) નમણ (૧૬) પાયદળ (૧૮) સીનાકસી (૧૯) વાસ (૨૦) ચાંદની (૨૩) વલ (૨૫) મસ લાર

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખેડૂતોની સુરક્ષા માટે મેડા તાત્કાલિક ઉપલબ્ધ કરાવવા વનમંત્રીને મહેશ કસવાલાની રજૂઆત

**સિંહ-દીપડાના હુમલાથી સર્જાયેલી જનહાનિ બાદ વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાને પત્ર લખાયો**

સાવરકુંડલા,તા.૧૮



સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાએ ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાને પત્ર લખીને જંગલી પ્રાણીઓના વધતા ત્રાસ સામે ખેડૂતોને પાકના રક્ષણ માટે સરળતાથી અને તાત્કાલિક 'મચાણ' (મેડા) ઉપલબ્ધ કરાવવા રજૂઆત કરી છે. પત્રમાં જણાવ્યા મુજબ, અમરેલી જિલ્લાના રેવન્યુ વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી માનવભક્ષી સિંહો અને દીપડાઓના હુમલા વધ્યા છે. તાજેતરમાં સાવરકુંડલા, રાજુલા અને કુંકાવાવમાં બનેલી જનહાનિની દુઃખદ ઘટનાઓને લીધે ખેડૂતો, ખેતમજૂરો અને ગ્રામજનોમાં ભારે ભય તેમજ અસુરક્ષાની લાગણી વ્યાપી ગઈ છે. ખેડૂતોએ રાત્રિના સમયે પાકના રક્ષણ માટે ખેતરમાં રહેવું પડતું હોય છે, જેથી તેમની સુરક્ષા અત્યંત જરૂરી છે. આથી, અમરેલી જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોને સરળ પ્રક્રિયા દ્વારા તાત્કાલિક સુરક્ષિત મચાણ, જરૂરી માર્ગદર્શિકા અને સહાય પૂરી પાડી, તેમની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા ધારાસભ્યએ ત્વરિત અને હકારાત્મક નિર્ણય લેવાની અપેક્ષા વ્યક્ત કરી છે.

# પશ્ચિમ સૌરાષ્ટ્રમાં પેસેન્જર એસોસિએશન દ્વારા ઉપલેટા ખાતે રેલ સુવિધા વધારવા રજૂઆત

ધોરાજી,તા.૧૮

વેસ્ટર્ન સૌરાષ્ટ્ર પેસેન્જર એસોસિએશન દ્વારા ઉપલેટા ખાતે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાને રેલવે સુવિધાઓ વધારવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. વાંસજાળીયા-જેતલસર રૂટ વર્ષ ૨૦૧૧ માં બ્રોડગેજમાં રૂપાંતરિત થયો હોવા છતાં ૧૬ વર્ષ પછી પણ અહીં લાંબા અંતરની ટ્રેનો શરૂ થઈ નથી. આ



તસવીર : નયન ફુહાડીયા

વિસ્તારના ૪૦૦ ગામોની ૧૮ લાખની વસ્તી માટે વર્તમાન સુવિધાઓ અપૂરતી છે, જેના કારણે લોકોને મોંઘી પ્રાઈવેટ બસોમાં મુસાફરી કરવી પડે છે. સંસ્થા દ્વારા પોરબંદર-મુંબઈ અને પોરબંદર-હરિદ્વાર નવી ટ્રેન શરૂ કરવા તેમજ પોરબંદર-સાન્ત્રાગાચી ટ્રેનના ફેરા વધારવા માંગ કરાઈ છે. આ ઉપરાંત જામજોધપુર અને ધોરાજી સ્ટેશનો પર ખૂટતો સ્ટાફ પૂરો કરવા, વધારાના કોચ જોડવા, અલગ રિઝર્વેશન વિન્ડો, ફૂટ ઓવરબ્રિજ, શેડ અને પ્લેટફોર્મ બદલવા જેવી સ્થાનિક સમસ્યાઓનો ત્વરિત ઉકેલ લાવવા રજૂઆત કરવામાં આવી છે.

# કોડીનારમાં વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન અપાયું

કોડીનાર,તા.૧૮



કોડીનાર પોલીસ સ્ટેશનની SHE ટીમ દ્વારા ભ.ભા. વિદ્યાલય, કોડીનારમાં 'ઓપરેશન સુરક્ષિત સાયબર શક્તિ ડ્રાઈવ' અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને બાળ અધિકારોના સંરક્ષણ, સાયબર બુલિંગ, ઓનલાઈન છેતરપિંડી અને સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. પી.આઈ. એન. વી. હરિયાણીના માર્ગદર્શન હેઠળ SHE ટીમ, આઈટી એક્સપર્ટ વિશાલ વાળા, તાલુકા કાનૂની સેવા સમિતિના પીએલવી પ્રકાશ મકવાણા તેમજ શાળાના આચાર્ય, સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીની રોકડીયા પરા પ્રાથમિક શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને લાયન્સ કલબ દ્વારા સન્માનિત કરાયા

અમરેલી,તા.૧૮



લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા પ્રમુખ લા. બકુલભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ, સંસ્થા દ્વારા દત્તક લેવાયેલી રોકડીયા પરા હનુમાન પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૮ માં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તમામ બાળકોને પૌષ્ટિક નાસ્તો કરાવાયો હતો. શાળા પરિવાર દ્વારા લાયન્સ કલબના સભ્યોનું શાલ ઓઢાડી બહુમાન કરાયું હતું, જ્યારે સભ્યોએ પ્રાસંગિક પ્રવચનો આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ દરમિયાન આગામી પ્રમુખ લા. જતીનભાઈ સુખડીયાનું પણ વિશેષ સન્માન કરી, વધુ બાળકો સરકારી શાળામાં અભ્યાસ કરે તેવો સૂર વ્યક્ત કરાયો હતો. આ સફળ આયોજનમાં લાયન્સ કલબના હોદ્દેદારો-સભ્યો, શાળાના પ્રિન્સિપાલ દિનેશભાઈ આચાર્ય, શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજીમાં તંત્રની ઘોર ઉદાસીનતા સામે સ્થાનિકોમાં ઉગ્ર રોષ ફેલાયો

ધોરાજી,તા.૧૮

ધોરાજી શહેરના ભૂખી ચોકડી પાસે આવેલા મહેશ નગર સહિતના વિવિધ રહેણાંક વિસ્તારોમાં છેલ્લા ૨૦ વર્ષથી પાકા રસ્તાની સુવિધા ન મળતાં સ્થાનિક રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ વિસ્તારમાં રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી કરવામાં આવી હતી, જેના કારણે વર્ષો જૂના કાચા રસ્તાઓ સંપૂર્ણપણે બિસ્માર અને ધોવાઈ ગયા છે. સ્થાનિક લોકો દ્વારા નગરપાલિકા તંત્ર અને ઉચ્ચ કક્ષાએ અવારનવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર વાહકો દ્વારા આજદિન સુધી સી.સી. રોડ બનાવવાની કોઈ નક્કર કામગીરી શરૂ કરવામાં આવી નથી. ચોમાસાની ઋતુ નજીક આવી રહી હોવાથી વાહનચાલકો અને રાહદારીઓની મુશ્કેલીઓ બેવડાય તે પહેલાં નગરપાલિકા આ વિસ્તારમાં સદંતર સી.સી. રોડ રસ્તાનું કામ તાકીદે હાથ ધરે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

# કોડીનારના ધારાસભ્ય દ્વારા શરૂ કરાયેલી એસ.ટી. બસો બંધ કરાતા મુસાફરો પરેશાન

**બસ રૂટો શરૂ કરવા માટે નાયબ મુખ્યમંત્રીને રજૂઆત**

કોડીનાર,તા.૧૮

કોડીનારના ધારાસભ્ય અને કેબીનેટ મંત્રી ડૉ. પ્રધ્યુમનભાઈ વાઝાએ ખાસ રસ લઈને કોડીનાર-અંબાજી, મુળદ્વારકા-બેટદ્વારકા, કોટડા-ઓખા, કોટડા-જખૌબંદર જેવા બસ રૂટો શરૂ કરવા માટે નાયબ મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી. જે પૈકી કોટડા-ઓખા અને કોટડા-જખૌબંદર બસ રૂટો મંજૂર પણ થઈ ગયા હતા. કોટડા-ઓખા બસનું ધામધૂમથી ઉદઘાટન થયું હતું. કોટડા, માઢવડ, વેલણ, માલશ્રમ વગેરે ગામોમાં આ બસનું સ્વાગત પણ કરવામાં આવ્યું. માછીમારીની સીઝન હાલમાં બંધ હોવા છતાં પણ આ બસને સારો ટ્રાફિક મળ્યો હતો. પરંતુ માત્ર દશ જ દિવસમાં સ્ટાફ શોર્ટેઝના બહાને આ બસ બંધ કરવામાં આવી છે. જ્યારે બીજી તરફ એસટી નિગમે છેલ્લા છ મહિનામાં સિતેરથી વધુ નવા નવા બસ રૂટો શરૂ કર્યા છે. કોડીનાર તાલુકાની ગામડાની જનતા માટે ધારાસભ્ય દ્વારા કોડીનાર-ડોળાસા વાયા વિઠ્ઠલપુર જમનવાડા ફાફણી બસ પણ શરૂ કરાવી હતી તેને પણ ઓછી આવકના બહાને કોડીનારના એસટી સતાવાળાઓ એક મહિનો સંચાલન કરી કાયમી ધોરણે બંધ કરેલ છે. જંગલ માર્ગે ચાલતી કોડીનાર અમરેલી વાયા જામવાળા ધારી બસ સેવા પણ અનેક રજૂઆત પછી પણ શરૂ કરેલ નથી. જ્યારે બીજી તરફ કોડીનાર ડેપો દ્વારા જુનાગઢ મહુવા ઊના દિવ જેવા બિનજરૂરી બસ રૂટોનું મરજી મુજબ સંચાલન કરવામાં આવે છે.

# સુરત શહેરમાં તળાવિયા પરિવારનો ૧૦મો સ્નેહમિલન ભવ્ય સમારોહ યોજાયો

અમરેલી,તા.૧૮



સુરતમાં તળાવિયા પરિવારના ૧૦મા સ્નેહમિલન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૫૦૦થી વધુ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં દીપપ્રાગટ્ય સાથે શરૂઆત કરવામાં આવી હતી અને વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિએ કાર્યક્રમને ગૌરવ અપાવ્યું હતું. આ પ્રસંગે સમાજસેવક જયસુખભાઈ જેરામભાઈ (જે.જે. ગ્રુપ) દ્વારા પિતાનું છત્ર ગુમાવેલી દીકરીઓના લગ્નની જવાબદારી ઉપાડવાની પ્રેરણાદાયી જાહેરાત કરવામાં આવી હતી. પરિવારના વિવિધ ક્ષેત્રોમાં સિધ્ધિ મેળવનાર સભ્યોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સાથે અંગદાન અંગે જાગૃતિ, આરોગ્ય સેવાઓની માહિતી અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં. જન્મ-મરણ કેસ.નં. 59/2026

પ્રતિ,
હાજુબેન મુસાભાઈ સેલોત
રહે.ઘાંટવડ, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ
...........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, હરમડીયા, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના રહીશ અલારખાભાઈ ભીખાભાઈ સેખડા તથા હવાબેન અલારખાભાઈ સેખડાના પુત્રી હાજુબેન અલારખાભાઈ સેખડાનો જન્મ તારીખ.06/04/1970ના રોજ ગીરગઢડા તાલુકાના હરમડીયા ગામ ખાતે થયેલ છે, જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, હરમડીયા તાલુકો-ગીરગઢડા સને-1970 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૬/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૭/૦૬/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**સહી**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**


# ટીબીની સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલને અશોકભાઈ શેઠ તરફથી રૂ.૯૩.૦૨ લાખનું દાન

ટીબી,તા.૧૮



ભાવનગર જિલ્લાના ટીબી ખાતે આવેલી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલમાં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યો માટે વડોદરાના વતની અશોકભાઈ શેઠ (પુષ્પા એન્ડ હસમુખ શાહ USA ફાઉન્ડેશન) દ્વારા ૧,૦૦,૦૦૦ અમેરિકન ડોલર (રૂા. ૯૩,૦૨,૦૦૦/-) નું માતબર અનુદાન આપવામાં આવ્યું છે. હોસ્પિટલના ટ્રસ્ટી બી.એલ.રાજપરા સાથે થયેલી ચર્ચા મુજબ, આ રકમમાંથી નવનિર્મીત બિલ્ડીંગ નં.૨ ના આંખ વિભાગના ઓપરેશન થિયેટરના આધુનિક સાધનો માટે રૂા. ૩૭,૫૯,૦૦૦ અને ૧૫૫ પેશન્ટબેડ ખરીદવા માટે રૂા. ૫૫,૪૬,૦૦૦ નો ઉપયોગ કરવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે, આ ઉદારદાતા પરિવાર દ્વારા વર્ષ ૨૦૨૨ થી અત્યાર સુધીમાં કુલ ૨ કરોડ ૮૩ લાખ રૂપીયાથી વધુનું દાન મળેલ છે. હોસ્પિટલના ટ્રસ્ટીમંડળે આ અનન્ય સેવાકાર્ય બદલ શેઠ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

# કોડીનારમાં પિયાગો રિક્ષા ચાલકોનું બેફામ ડ્રાઈવીંગ લોકોમાં આક્રોશ

**બેફામ રીક્ષા ચલાવનારાઓ સામે કડક કાર્યવાહીની માંગ**

કોડીનાર,તા.૧૮

કોડીનાર શહેરમાં પિયાગો (થ્રી-વ્હીલર) રિક્ષા ચાલકોની બેફામ હરકતો સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ટ્રાફિક નિયમોની અવગણના કરીને રિક્ષાઓને વધુ ઝડપે હંકારવી અને મોટા અવાજે મ્યુઝિક સિસ્ટમ વગાડવી સામાન્ય બાબત બની ગઈ છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ અનેક રિક્ષાઓમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો બેસાડવામાં આવે છે, જેના કારણે અકસ્માતનો ભય વધ્યો છે. હોસ્પિટલ, શાળા અને કોલેજ વિસ્તારોમાં પણ સ્પીકરનો અવાજ ઓછો કરવામાં આવતો નથી, જેના કારણે દર્દીઓ, વિદ્યાર્થીઓ અને વૃધ્ધોને ભારે હાલાકી ભોગવવી પડે છે. વેપારીઓ અને રહીશોએ પોલીસ તથા આરટીઓ વિભાગને સંયુક્ત ચેકિંગ હાથ ધરી નિયમભંગ કરનાર રિક્ષા ચાલકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. લોકોનું કહેવું છે કે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો સ્થિતિ વધુ ગંભીર બની શકે છે.


**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, ''પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન''
નાના મવા મેઈન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908; ફોનઃ (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

**: વીજ અકસ્માત અટકાવવા માટે નાગરિકોએ ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો:**

**વીજ વિક્ષેપ અંગે ગ્રાહક સુવિધા કેન્દ્રના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ નો સંપર્ક કરો તેમજ અન્ય નં. ૧૯૧૨૨ પર સંપર્ક કરવો.**

૧. દરેક બાંધકામનું ઈલેક્ટ્રિકલ નેટવર્ક થી સલામત અંતર જાળવવું જરૂરી છે અન્યથા વીજઅકસ્માત થઇ શકે છે
૨. ભારે/મોટા વાહનચાલકો જેવા કે બસ, ટ્રક, હાઈડ્રોલીક ડમ્પર તથા ઉંચાઈ વાળા ભારે વાહનોને વીજલાઈનની નીચે/નજીક ઉભા રાખવા નહિ.
૩. ભીના હાથે સ્વીચો / પ્લગોને ના અડકવું. વીજ થાંભલા, ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ, ટ્રાન્સફોર્મર સેન્ટર, લાઈન વિગેરેને અડકવું નહિ અને તેનાથી દુર રહેવું. વીજ થાંભલા કે તેના તાણીયા સાથે ઢોરને બાંધવા નહિ કે કપડા સૂકવવા માટે દોરી બાંધવી નહિ.
૪. ઈલેક્ટ્રિક શોકથી બચવા યોગ્ય ક્ષમતાની ISI માર્કવાળા RCCB/ELCB તેમજ ઓવરલોડ / શોર્ટ સર્કીટથી બચવા યોગ્ય ક્ષમતાની MCCB / ફ્યુઝ વાપરવા જરૂરી છે
૫. વાડી/ખેતરની ફરતે કે વીજલાઈનની નીચે સળંગ ધાતુની ફેન્સીંગ ન કરો તથા તેમાં વીજજોડાણમાંથી વીજ પ્રવાહ પ્રસારિત ન કરો, તે મુજબ વીજ પ્રવાહ પસાર કરવાથી કોઈ વન્ય પ્રાણી / મનુષ્યને વીજઅકસ્માત થઇ શકે છે.

**જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો - સલામતી અપનાવો જિંદગી બચાવો.**

તા. ૩૧/૦૩/૨૦૨૬

મુખ્ય ઈજનેર (ટેક),
પીજીવીસીએલ, રાજકોટ



**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.192/2026
જન્મ તારીખ : 23/05/2004

વાઝા વિજયભાઈ જીવાભાઈ,
રહે.સિંધાજ, ગામ-સિંધાજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, સિંધાજ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વાઝા વિજયભાઈ જીવાભાઈ, રહે.સિંધાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી વાઝા વિજયભાઈ જીવાભાઈ તથા વાઝા જોશનાબેન વિજયભાઈ ના પુત્ર રાકેશભાઈ વિજયભાઈ વાઝાનો જન્મ તારીખ.23/05/2004 ના રોજ કોડીનાર તાલુકાના સિંધાજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, ''પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન''
નાના મવા મેઈન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908; ફોનઃ (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

**જાહેર નિવેદા**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) ના માનવંતા વીજ ગ્રાહકોને જણાવાનું કે જે વીજ થાંભલા પરથી વીજ જોડાણ આપવામાં આવેલ હોય તે સિવાયના PGVCLના વીજ માળખાં/ અન્યના વીજ જોડાણ માંથી પોતાની રીતે અથવા અન્ય કોઈ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવું ગેરકાયદેસર છે. આ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવાથી વીજ માળખાંમાં કામગીરી કરતા PGVCLના કર્મચારી અને ઠેકેદાર દ્વારા લાઈન બંધ કરેલી હોવા છતાં રીટર્ન પાવર આવવા ની શક્યતા રહેલી છે અને આથી વીજ કર્મચારી/ ઠેકેદારો ના માણસોને પ્રાણઘાતક અકસ્માત થઈ શકે છે, તેમજ તાજેતરમાં બિનઅધિકૃત વીજ જોડાણના લીધે વીજ કર્મચારીના પ્રાણઘાતક અકસ્માતના દુઃખદ કિસ્સાઓ બનેલ છે જેથી ગ્રાહક/આસામી સામે પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે. આ ગેરકાયદેસર કામ કરનારને જેલની સજા થઈ શકે છે.

**જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો - સલામતી અપનાવો જિંદગી બચાવો.**

તા. ૩૧/૦૩/૨૦૨૬

મુખ્ય ઈજનેર (ટેક),
પીજીવીસીએલ, રાજકોટ

# ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના ૬ સાંસદોએ શિંદે જૂથમાં વિલીનીકરણ માટે સ્પીકરને પત્ર લખ્યો

મુંબઈ,તા.૧૮




મુંબઈમાં યોજાયેલી શિવસેના (UBT)ની સંસદીય પક્ષની બેઠકમાં ૯ લોકસભા સાંસદોમાંથી ૬ ગેરહાજર રહેતાં પક્ષમાં મોટા વિભાજનની પુષ્ટિ થઈ છે. નાગેશ અષ્ટિકર અને ઓમપ્રકાશ રાજેનિમ્બાલકર સહિત આ છ બળવાખોર સાંસદોએ દિલ્હીમાં લોકસભા સ્પીકર ઓમ બિરલાને મળીને એકનાથ શિંદે જૂથમાં વિલીનીકરણની માંગ કરતો પત્ર સોંપ્યો છે. સાંસદોનો દાવો છે કે વરિષ્ઠ નેતાઓ પક્ષને કોંગ્રેસમાં ભેળવવા માંગે છે, તેથી તેઓ વિચારધારા બચાવવા પક્ષ છોડી રહ્યા છે. બીજી તરફ, ઉદ્ધવ જૂથે ત્રણ લાઈનનો વ્હીપ જારી કર્યો હોવા છતાં બેઠકમાં ગેરહાજર રહેલા સાંસદો સામે પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ કાનૂની કાર્યવાહી અને હકાલપટ્ટીની તૈયારી શરૂ કરી છે.

શિંદે જૂથના મતે ગૃહની બહાર વ્હીપનું ઉલ્લંઘન ગેરલાયકાતને પાત્ર નથી. કાનૂની બચાવ માટે બે-તૃતીયાંશ (૬ સાંસદો) બહુમતી હોવાથી હવે અંતિમ નિર્ણય સ્પીકરની ચકાસણી પર નિર્ભર છે.

# યુક્રેનનો રશિયા પર બે વર્ષનો સૌથી મોટો ડ્રોન હુમલો: તેલ રિફાઈનરીમાં લાગી આગ

કિવ,તા.૧૮

યુક્રેને રશિયા પર અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો છે. રશિયન હવાઈ સંરક્ષણ પ્રણાલીએ કુલ ૫૫૫ યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યા હતા, જેમાંથી ૧૯૪ ડ્રોન રાજધાની મોસ્કોને નિશાન બનાવી રહ્યા હતા. આ ભયાનક હુમલાને કારણે મોસ્કોની કાપોટન્યા ઓઈલ રિફાઈનરીમાં ભીષણ આગ લાગી હતી અને શહેર પર ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. સુરક્ષાના ભાગરૂપે મોસ્કોના ચાર એરપોર્ટ પરથી ફ્લાઈટ્સ અસ્થાયી ધોરણે બંધ કરવી પડી હતી. ડ્રોનનો કાટમાળ રહેણાંક ઈમારતો અને મોલ પર પડતાં એક મહિલા ઘાયલ થઈ છે.



આ હુમલો એવા સમયે થયો જ્યારે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન કાઝાનમાં આસિયાન (ASEAN) દેશોના નેતાઓની યજમાની કરી રહ્યા હતા. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું કે પશ્ચિમી દેશો તરફથી મળેલા લશ્કરી સમર્થન બાદ રશિયાના યુદ્ધ મશીનને આર્થિક ફટકો આપવા અને રશિયન હુમલાઓનો જવાબ આપવા માટે તેલ સુવિધાઓને હાઈ-ટેક ડ્રોન દ્વારા નિશાન બનાવવામાં આવી છે.

# કેરળમાં ઈબોલાનો શંકાસ્પદ કેસ સામે આવતા આરોગ્ય વિભાગ એલર્ટ પર

કેરળ,તા.૧૮


કેરળમાં શિગેલા, વેસ્ટ નાઈલ અને નિપાહ વાયરસના પ્રકોપ વચ્ચે હવે ઈબોલાનો એક શંકાસ્પદ કેસ સામે આવતા આરોગ્ય વિભાગ સતર્ક બન્યો છે. દક્ષિણ સુદાનથી પરત ફરેલી એક મહિલામાં ઈબોલાના લક્ષણો દેખાતા તેને તાત્કાલિક કોટ્ટયમ મેડિકલ કોલેજના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવી છે. સાવચેતીના ભાગરૂપે પ્રશાસને મહિલાના સંપર્કમાં આવેલા લોકોની યાદી તૈયાર કરી છે.

આરોગ્ય પ્રધાન કે. મુરલીધરના જણાવ્યા મુજબ, મહિલાના સેમ્પલ પરીક્ષણ માટે મોકલાયા છે અને હાલ ચિંતાનું કોઈ કારણ નથી. અગાઉ જયપુર, હૈદરાબાદ અને ગુજરાતમાં પણ આવા શંકાસ્પદ કેસો નોંધાયા હતા, પરંતુ રાહતની વાત એ છે કે ભારતમાં હજી સુધી ઈબોલાનો એકપણ પોઝિટિવ કેસ નોંધાયો નથી.

# છત્તીસગઢના કોરિયા જિલ્લામાં રેતી ખનન વિવાદમાં ત્રણને જીવતા ભુંજી નખાયા

છત્તીસગઢ,તા.૧૮

છત્તીસગઢના કોરિયા જિલ્લાના કાટગોડી વિસ્તારમાં રેતી ખનનના જૂના વિવાદને લીધે સિંહ અને ત્રિપાઠી પરિવારો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. સમાધાનના બહાને બોલાવીને હરીફ જૂથ દ્વારા કરાયેલા હુમલામાં ફોર્ચ્યુનર કારને ટ્રક સાથે અથડાવી તેના દરવાજા જામ કરી દેવાયા હતા.



ત્યારબાદ ગાડીમાં આગ લાગતાં ભરત સિંહ અને નાગેન્દ્ર સિંહ જીવતા ભૂંજાઈ ગયા હતા, જ્યારે તીક્ષ્ણ હથિયારના હુમલાથી ઘાયલ વીરેન્દ્ર સિંહનું હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.

આ ભયાનક હત્યાકાંડ બાદ પ્રાદેશિક સમુદાયોએ મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈને મળીને સમગ્ર મામલાની સીબીઆઈ (CBI) તપાસ કરાવવાની માંગ કરી છે. પોલીસે અત્યાર સુધીમાં અક્ષત ત્રિપાઠી સહિત મુખ્ય ચાર આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને અન્ય ફરાર શંકાસ્પદોની શોધખોળ ચાલુ છે. ગાડીમાં પેટ્રોલ છાંટીને આગ લગાવાઈ હતી કે કેમ તે અંગે ફોરેન્સિક ટીમ તપાસ કરી રહી છે.

# કોલકાતા હાઈકોર્ટની સ્પીકરના નિર્ણય પર વચગાળાના આદેશ પર રોક

કોલકતા,તા.૧૮



પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ઋતબ્રત બેનર્જીને વિરોધ પક્ષના નેતા જાહેર કરવાના સ્પીકરના નિર્ણય સામે મમતા બેનર્જી જૂથના ધારાસભ્ય શોભનદેવ ચટ્ટોપાધ્યાયે કોર્ટમાં અરજી કરી હતી. કોલકાતા હાઈકોર્ટના ન્યાયાધીશ કૃષ્ણ રાવે આ અંગે કોઈ વચગાળાનો આદેશ આપવાનો ઈનકાર કર્યો છે. પરિણામે ૨૮ જુલાઈની આગામી સુનાવણી સુધી સ્પીકરનો નિર્ણય યથાવત્ રહેશે. ઋતબ્રતે ટીએમસી (TMC) પર બનાવટી સહીનો આરોપ લગાવી બળવો કર્યો હતો અને ૫૮ ધારાસભ્યોના સમર્થન સાથે પક્ષના બે ભાગ કરી પોતે મુખ્ય વિપક્ષી નેતા બન્યા છે. કોર્ટે તમામ પક્ષકારોને જવાબો અને સોગંદનામું રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

# ભારત-વિયેતનામ વચ્ચે બ્રહ્મોસ મિસાઈલ વાટાઘાટો અંતિમ તબક્કામાં પહોંચ્યો

નાગપુર,તા.૧૮




ભારતની અતિ આધુનિક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ 'બ્રહ્મોસ'ની વિયેતનામ નિકાસ અંગેની વાટાઘાટો અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. બ્રહ્મોસ એરોસ્પેસના વડા જયતીર્થ જોશીએ નાગપુરમાં સોલર ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા લિમિટેડ દ્વારા ઉત્પાદિત ૧૦૦મા સ્વદેશી બૂસ્ટરના લોન્ચિંગ પ્રસંગે આ માહિતી આપી હતી. આ સોદો ભારતીય સંરક્ષણ નિકાસ માટે મોટો સીમાચિહ્નરૂપ સાબિત થશે. અગાઉ આ બૂસ્ટર રશિયાથી આયાત કરાતા હતા, પરંતુ હવે ભારતમાં જ તેનું સફળ ઉત્પાદન થઈ રહ્યું છે.

છેલ્લા દોઢ વર્ષમાં વેલ્યુ એન્જિનિયરિંગ દ્વારા કાચા માલના ખર્ચમાં ૨૪% અને ઉત્પાદન ખર્ચમાં ૧૦%નો ઘટાડો કરાયો છે, જેનાથી બ્રહ્મોસ વૈશ્વિક બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે. નેક્સ્ટ જનરેશન (BrahMos-NG) અને વિસ્તૃત રેન્જ ધરાવતી હળવી મિસાઈલો પર પણ કામ ચાલી રહ્યું છે. મેક ૨.૮ની સુપરસોનિક ઝડપ ધરાવતી આ મિસાઈલ જમીન, સમુદ્ર અને આકાશમાંથી ચોક્કસાઈપૂર્વક પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે.

# દેશમાં ચોમાસાનું ગંભીર સંકટ: જૂન મહિનામાં વરસાદની ૪૨% ખાધ

નવી દિલ્હી,તા.૧૮

ભારતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ધીમું પડતાં સતત ત્રીજા વર્ષે જૂનમાં લાંબો વિરામ જોવા મળ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, ૪ થી ૧૮ જૂન દરમિયાન વરસાદની ખાધ વધીને ૪૨% થઈ ગઈ છે. આ સમયગાળામાં સામાન્ય ૭૨.૨ મીમી સામે માત્ર ૪૨.૧ મીમી વરસાદ નોંધાયો છે.



મધ્ય, પૂર્વીય અને દ્વીપકલ્પીય ભારતના મોટાભાગના વિસ્તારો ગંભીર ખાધનો સામનો કરી રહ્યા છે, જ્યારે મુંબઈમાં એક દાયકાનું સૌથી શુષ્ક જૂન નોંધાયું છે. INSAT-3DS સેટેલાઈટની છબીઓ દર્શાવે છે કે અરબી સમુદ્રની શાખા નબળી હોવાથી મધ્ય ભારત, મહારાષ્ટ્ર અને ગુજરાત મોટેભાગે વાદળ રહિત છે. પશ્ચિમી વિક્ષેપોને કારણે ભેજવાળા પવનો આગળ વધી શકતા નથી. જો આગામી સમાહમાં બંગાળની ખાડી કે અરબી સમુદ્રમાં નીચા દબાણની મજબૂત સિસ્ટમ સક્રિય નહીં થાય, તો જૂનના અંત સુધી આ ખાધ યથાવત રહેશે અને જુલાઈમાં પણ પરિસ્થિતિ સામાન્ય થવી મુશ્કેલ બનશે.

# NEET-UG પુનઃપરીક્ષાની તૈયારીઓ માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક

નવી દિલ્હી,તા.૧૮


કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ૨૧ જૂને યોજાનારી NEET-UG પુનઃપરીક્ષાની પૂર્વતૈયારીઓની સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. પ્રશ્નપત્ર લીકના આક્ષેપો બાદ રદ થયેલી આ પરીક્ષાને સંપૂર્ણ પારદર્શિતા, પ્રામાણિકતા અને નિષ્પક્ષતા સાથે યોજવા મંત્રીએ કડક નિર્દેશ આપ્યા છે. હાઈબ્રિડ મોડમાં યોજાયેલી



આ બેઠકમાં શિક્ષણ મંત્રાલય, NTA અને વિવિધ રાજ્યોના ૨૨૨ વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા. પરીક્ષાના સુચારુ સંચાલન માટે મંત્રાલયના અધિકારીઓ વિવિધ રાજ્યોની મુલાકાત લેશે અને NTA કમાન્ડ સેન્ટરને રિપોર્ટ કરશે. વિદ્યાર્થીઓ તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે કેન્દ્રો પર પીવાનું પાણી અને બેઠક વ્યવસ્થા જેવી સુવિધાઓ સુનિશ્ચિત કરવા તેમજ સુરક્ષા માટે સ્થાનિક પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ સાથે સંકલન સાધવા જણાવાયું છે.

# પૂર્વ પ્રધાનમંત્રીના પુત્ર સાથે કરોડોની સાયબર છેતરપિંડી

નવી દિલ્હી,તા.૧૮



ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દર કુમાર ગુજરાલના પુત્ર અને પૂર્વ સાંસદ નરેશ કુમાર ગુજરાલ સાથે રૂ.૭.૮ કરોડની ઓનલાઈન છેતરપિંડી થઈ છે. ઠગે નરેશ ગુજરાલના ફોટાનો ઉપયોગ કરી વોટ્સએપ પર તેમના કર્મચારીનો સંપર્ક કર્યો હતો. પોતે મીટિંગમાં હોવાનું કહી ઠગે આરટીજીએસ (RTGS) દ્વારા કરોડો રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. દિલ્હી પોલીસે આ મામલે ઈ-એફઆઈઆર (e-FIR) નોંધી તપાસ હાથ ધરી છે અને તેમાંથી રૂ.૪ કરોડની રકમ સ્થગિત (ફ્રીઝ) કરી દીધી છે.

# ભારત-ઈરાન વેપાર સંબંધો પુનઃ શરૂ થવાની તૈયારી: ક્રૂડ ઓઈલનાં ભાવમાં મોટો ઘટાડો

નવી દિલ્હી,તા.૧૮

અમેરિકા અને ઈરાન વચ્ચે ઐતિહાસિક શાંતિ કરાર થતાં પશ્ચિમ એશિયાનો તણાવ સમાપ્ત થયો છે. આ કરારની તાત્કાલિક અસર વૈશ્વિક તેલ બજાર પર જોવા મળી છે, જ્યાં ક્રૂડ ઓઈલના ભાવ ચાર દિવસમાં ૧૮% જેટલા ઘટી ગયા છે. આ વૈશ્વિક બદલાવથી ભારત અને ઈરાન




વચ્ચે ૨૦૧૯થી પ્રતિબંધોને કારણે અટકેલો સદીઓ જૂનો તેલ વેપાર ફરી શરૂ થવાની સંભાવના વધી છે.

સસ્તું ક્રૂડ તેલ મળવાથી ભારતનું આયાત બિલ ઘટશે, ફુગાવો કાબૂમાં આવશે અને રૂપિયો મજબૂત બનશે. આ ઉપરાંત લોજિસ્ટિક્સ, એવિએશન, પેઈન્ટ્સ અને ઓટોમોબાઈલ જેવી ક્ષેત્રની ભારતીય કંપનીઓના નફા અને કાર્યક્ષમતામાં સીધો સુધારો જોવા મળશે.

# પાકિસ્તાનના ખૈબર પખ્તુન્વા પ્રાંતના ગુરુદ્વારમાં સેવક દંપતીની હત્યા

ઈસ્લામાબાદ,તા.૧૮

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના મર્દાન જિલ્લામાં આવેલા એક ગુરુદ્વારામાં અજાણ્યા હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કરીને વયોવૃદ્ધ શીખ સેવક દંપતી જગન્નાથ અને આસ્મા વાંટીની નિર્મમ હત્યા કરી દીધી છે. ગુરુદ્વારાની અંદર થયેલા આ બર્બર હત્યાકાંડને પગલે શીખ સમુદાય અને રાજકીય નેતાઓમાં તીવ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે.


-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.191/2026
જન્મ તારીખ : 01/06/1997

વાઝા વિજયભાઈ જીવાભાઈ,
રહે.સિંધાજ, ગામ-સિંધાજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, સિંધાજ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વાઝા વિજયભાઈ જીવાભાઈ, રહે.સિંધાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી વાઝા વિજયભાઈ જીવાભાઈ તથા વાઝા જોશનાબેન વિજયભાઈ ના પુત્ર અજયભાઈ વિજયભાઈ વાઝાનો જન્મ તારીખ.01/06/1997 ના રોજ કોડીનાર તાલુકાના સિંધાજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.170/2026
જન્મ તારીખ : 01/06/1964

શ્રી જુબેદાબેન હાસમભાઈ સોરઠીયા,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, વેલણ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જુબેદાબેન હાસમભાઈ સોરઠીયા, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મામદભાઈ અબ્દુલ લતિફ હાલાઈ તથા આઈસાબેન મામદભાઈ હાલાઈ ના પુત્રી હસીનાબેન મામદભાઈ હાલાઈનો જન્મ તારીખ.01/06/1964 ના રોજ કોડીનાર તાલુકાના વેલણ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



:: જાહેર નોટીસ ::

આથી અમે નીચે સહી કરનાર—એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ—પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે—વાઘણીયા ગામે ખેડુત ખાતા નં-૩૨૧ ની ખેતીના માલીકો— મુકતાબેન લાભુભાઈ શિંગાળા, નિકુંજભાઈ લાભુભાઈ શિંગાળા, સુરેશભાઈ લાભુભાઈ શિંગાળા ના સંયુકત નામે સ.નં-૧૯૩ (જુનો સ.નં-૩૫ પૈકી ૧), ક્ષેત્ર.હે.આરે.ચોમીર—૭૫—૨૨, આકાર-૧૫.૨૦ વાળી ખેતીની જમીન આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીનના ૭/૧૨, ૮અ માં એસ.બી.આઈ—ક્રાંકચ શાખાના રૂા.૪,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોક્ત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હુક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૧૮/૬/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

## શ્વેતક્રાંતિમાં અમર ડેરીની વધુ એક હરણફાળ

# અમરેલીની અમર ડેરીમાં હવે 'અમુલનો આઈસક્રીમ' બનશે

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લાની શાન ગણાતી અમર ડેરીએ શ્વેતક્રાંતિના ક્ષેત્રમાં એક નવો અને ઐતિહાસિક સીમાચિહ્ન સર કર્યો છે. દેશ અને દુનિયાના કરોડો લોકો જેના અદ્ભુત સ્વાદ અને શ્રેષ્ઠ ગુણવત્તાથી ખૂબ જ સારી રીતે પરિચિત છે, તે જગપ્રખ્યાત અમુલ આઈસ્ક્રીમ હવે અમરેલીની અમર ડેરીના આધુનિક પ્લાન્ટમાં જ બનવા જઈ રહ્યો છે. આ અત્યંત મહત્વકાંક્ષી અને ગૌરવશાળી પ્રોજેક્ટ અંગે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ સત્તાવાર માહિતી આપતા હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, અમુલ આઈસ્ક્રીમની તમામ અવનવી વેરાઈટીઓ તેના અસલી ફ્લેવર, મૂળ સ્વાદ અને ઉચ્ચ ગુણવત્તાના માપદંડો સાથે હવે અમરેલીના પ્લાન્ટમાં જ સ્થાનિક સ્તરે તૈયાર કરવામાં આવશે. આ નિર્ણયથી સમગ્ર અમરેલી પંથક અને સહકારી ક્ષેત્રમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.આ નવનિર્મિત પ્લાન્ટની અદભુત ઉત્પાદન ક્ષમતા વિશે વિગતવાર વાત કરીએ તો, અમર ડેરી દરરોજ અંદાજે ૧૦ હજાર લીટર જેટલા વિપુલ પ્રમાણમાં અમુલ આઈસ્કીમનું સફળતાપૂર્વક ઉત્પાદન કરશે. આ નવીન શરૂઆતનો સૌથી મોટો, મહત્વનો અને સીધો ફાયદો એ થશે કે અત્યાર સુધી ગાંધીનગરમાં આવેલા અમુલ આઈસ્ક્રીમના મુખ્ય પ્લાન્ટથી લાંબા અંતરના ટ્રાન્સપોર્ટેશનની મર્યાદાઓના કારણે સમગ્ર ગુજરાત રાજ્યના છેવાડાના વિસ્તારોમાં નિયમિત રીતે આઈસ્ક્રીમ પહોંચાડવામાં ઘણી મુશ્કેલીઓ નડતી હતી. પરંતુ હવે અમરેલીની અમર ડેરીમાં જ આઈસ્ક્રીમનું મોટા પાયે ઉત્પાદન થવાના કારણે તે સમગ્ર સૌરાષ્ટ્રના નાના-મોટા તમામ બજારોમાં ખૂબ જ ઝડપથી, સરળતાથી અને સમયસર નિયમિત રીતે પહોંચતો થશે. ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ વધુમાં જણાવ્યું હતું કે, અમુલ આઈસ્ક્રીમના અત્યંત લોકપ્રિય એવા કોન, કેન્ડી અને આઈસ્ક્રીમ કપ સહિતની તમામ નાની-મોટી આકર્ષક વેરાઈટીઓ અહીં જ બનાવવામાં આવશે. અત્યાર સુધી સૌરાષ્ટ્રના વિશાળ ભૌગોલિક વિસ્તારમાં અમુલ આઈસ્ક્રીમનો પોતાનો કોઈ મોટો હબ પ્લાન્ટ ન હોવાથી, અમર ડેરીમાં આ કામગીરી શરૂ થવાને લીધે વાહનોના ભારે ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ અને કિંમતી સમય પણ નોંધપાત્ર રીતે ઘટશે, જે આર્થિક દ્રષ્ટિએ ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. આ નવો આઈસ્ક્રીમ પ્લાન્ટ વિધિવત રીતે શરૂ થતાંની સાથે જ આગામી સમયમાં સ્થાનિક સ્તરે આસપાસના વિસ્તારના અંદાજે ૧૦૦ જેટલા લોકોને રોજગારીની સીધી અને નવી તકો પ્રાપ્ત થશે, જે સ્થાનિક અર્થતંત્રને નવી ગતિ આપશે. આ આઈસ્ક્રીમના ઉત્પાદન દરમિયાન ગ્રાહકોનો ભરોસો, ગુણવત્તા અને સ્વાદ અકબંધ જળવાઈ રહે તે માટે અમુલના જ ખાસ ટેકનિકલ અધિકારીઓની સીધી દેખરેખ અને હાજરીમાં તમામ પ્રોડક્ટ્સનું કડક ગુણવત્તા નિયંત્રણ સાથે ઉત્પાદન કરવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયામાં અમર ડેરી માત્ર વૈજ્ઞાનિક પધ્ધતિથી આધુનિક ઉત્પાદન પ્રક્રિયાની સંપૂર્ણ જવાબદારી સંભાળશે. આમ, અમર ડેરી અને અમુલના આ સમન્વયથી સૌરાષ્ટ્રના સ્વાદપ્રિય નાગરિકોને હવે વધુ ફ્રેશ અને ગુણવત્તાસભર આઈસ્ક્રીમ ખાવા મળશે.





### દિલીપ સંઘાણી અને પરશોતમ રૂપાલાનો શ્વેતક્રાંતિમાં મહત્વનો ફાળો

અમર ડેરીમાં સ્થાપક ડિરેકટરો અને અમર ડેરીને ટૂંકા સમયમાં ટોચ પર લઈ જનાર શ્વેતક્રાંતિના પ્રણેતા વર્ગીસ કુરીયન તરીકે જેની અમરેલીમાં ગણના થાય છે તેવા દિલીપ સંઘાણીનો આ શ્વેતક્રાંતિમાં મહત્વનો ફાળો છે સાથોસાથ પરશોતમ રૂપાલાએ પણ અમર ડેરીને ટોંચ પર લઈ જવા માટે મહત્વનો ફાળો આપ્યો છે. અમર ડેરીમાં અમુલ આઈસક્રીમનું ઉત્પાદન આ બંને આગેવાનો પણ આભારી છે સાથોસાથ અમર ડેરીના તમામ ડિરેકટરોએ ખભેખભા મીલાવી આ નવી શ્વેતક્રાંતિનું સર્જન કર્યુ છે.



અમર ડેરીમાંથી જ હવે સૌરાષ્ટ્રના વિસ્તારોમાં અમુલ આઈસ્ક્રીમ પહોંચતુ થશે

# વડગામમાં ખેતરે જતા પિતા-પુત્ર પર વીજ વાયર પડતાં બંનેના કરૂણ મોત

પાલનપુર,તા.૧૮

ગુજરાતમાં શરૂ થયેલી પ્રિ-મોન્સૂન એક્ટિવિટી વચ્ચે બનાસકાંઠાના વડગામ તાલુકાના સકલાણા ગામમાં એક અત્યંત કરૂણ ઘટના સામે આવી છે. બુધવારે રાત્રે વરસાદી માહોલ દરમિયાન એક પિતા અને પુત્ર પોતાના ટુ-વ્હીલર પર સવાર થઈને ખેતરે જઈ રહ્યા હતા. તે જ સમયે અચાનક તેમના પર ચાલુ વીજ લાઈનનો જીવંત વાયર તૂટી પડ્યો હતો.



વીજ કરંટ એટલો જોરદાર હતો કે પિતા અને પુત્ર બંનેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ બંનેના મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે વડગામની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ગોઝારી ઘટનાને પગલે મૃતક પરિવાર સહિત સમગ્ર સકલાણા પંથકમાં ભારે અરેરાટી અને શોક વ્યાપી ગયો છે.

# રાજયના ૬ ૩થી વધુ તાલુકામાં વરસાદ, બાલાસિનોરમાં પોણા છ ઈંચથી જળબંબોળ

મહીસાગર,તા.૧૮

ગુજરાતમાં સત્તાવાર ચોમાસાની હજી રાહ જોવાઈ રહી છે, પરંતુ તે પૂર્વે જ રાજ્યમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી જોરશોરથી શરૂ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તર અને મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ભારેથી મધ્યમ વરસાદ નોંધાયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, રાજ્યના



૬૩ તાલુકાઓમાં મેઘમહેર થઈ છે. જેમાં મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાં સૌથી વધુ ૧૪૭ મિલીમીટર (૫.૭૯ ઈંચ) વરસાદ ખાબકતાં ચારેય તરફ પાણી જ પાણી થઈ ગયું હતું. આ વરસાદના પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ છે અને લોકોને અસહ્ય ગરમીથી મોટી રાહત મળી છે. વિવિધ જિલ્લાઓમાં નોંધાયેલો મુખ્ય વરસાદ મહીસાગર અને અરવલ્લી: બાલાસિનોરમાં સૌથી વધુ ૫.૭૯ ઈંચ વરસાદ બાદ અરવલ્લીના ભિલોડામાં ૭૫ મીમી (૨.૯૫ ઈંચ) અને ધનસુરામાં ૬૬ મીમી (૨.૬૦ ઈંચ) વરસાદ નોંધાયો છે. સાથંબા અને બાયડમાં પણ ૧ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.મહેસાણાના સતલાસણા તાલુકામાં ૭૩ મીમી (૨.૮૭ ઈંચ) અને ખેરાલુમાં ૨૦ મીમી વરસાદ પડ્યો છે. ખેડાના ગળતેશ્વરમાં ૫૭ મીમી (૨.૨૪ ઈંચ) અને કપડવંજમાં ૫૫ મીમી (૨.૧૭ ઈંચ) વરસાદ વરસ્યો છે.

# ભાવનગરની સરકારી મેડિકલ કોલેજમાં જુનીયર ડોક્ટરો સાથે રેગિંગની ફરિયાદ

ભાવનગર,તા.૧૮

અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજ બાદ હવે ભાવનગરની સરકારી મેડિકલ કોલેજમાં પણ રેગિંગનો મામલો સામે આવ્યો છે. ઓર્થોપેડિક વિભાગના પ્રથમ વર્ષના ૧૩ વિદ્યાર્થીઓએ ૬ સિનિયર વિદ્યાર્થીઓ સામે રેગિંગની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયર વિદ્યાર્થીઓ પાસે પૈસાની માંગણી કરવામાં આવતી હતી તેમજ તેમને મુર્ગા બનાવી માનસિક રીતે હેરાન કરવામાં આવતા હતા. ઘટનાની જાણ થતાં જ કોલેજની એન્ટી રેગિંગ સ્કવોડે તપાસ શરૂ કરી છે.



ફરિયાદી તથા આરોપી વિદ્યાર્થીઓના નિવેદનો લેવામાં આવ્યા છે અને સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી રહી છે. એન્ટી રેગિંગ કમિટી દ્વારા તપાસ પૂર્ણ થયા બાદ રિપોર્ટ સત્તાવાર રીતે સુપરત કરવામાં આવશે. રિપોર્ટના આધારે જવાબદાર વિદ્યાર્થીઓ સામે નિયમ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવી શકે છે.

# સાવરકુંડલા પંથકમાં મેઘરાજાની એન્ટ્રીથી વાતાવરણમાં પ્રસરી ઠંડક

સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલા તાલુકાના છાપરી ગામ અને આસપાસના વિસ્તારોમાં આજે બપોરે અચાનક હવામાનમાં પલટો આવ્યો હતો. લાંબા સમયથી ચાલી રહેલા અસહ્ય ઉકળાટ અને બફારા વચ્ચે કાળાં વાદળો છવાઈ જતાં વાતાવરણ ખુશનુમા બન્યું હતું. પવનની ઠંડી લહેરો સાથે મેઘરાજાએ ધમાકેદાર


તસવીર : સૌરભ દોશી

એન્ટ્રી કરતાં વરસાદી ઝાપટાં વરસ્યાં હતા. વરસાદથી ખેડૂતો અને ગ્રામજનોને ગરમીમાંથી મોટી રાહત મળી હતી.

# વડોદરામાં ૫ વર્ષની માસૂમ બાળકીનું અપહરણ બાદ હત્યા કરાતા ખળભળાટ

વડોદરા,તા.૧૮

વડોદરાના શિનોર તાલુકાના સતીષાણા ગામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ૧૪ જૂનની રાત્રે ઘરના ઓટલા પર સૂતેલી ૫ વર્ષની માસૂમ બાળકીનું અપહરણ થયું હતું. ત્રણ દિવસની સઘન શોધખોળ બાદ બુધવારે વણીયાદ નજીક નર્મદા કેનાલમાંથી બાળકીનો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં આક્રોશ વ્યાપી ગયો છે.

પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આ ગુનાના આરોપી અજય લક્ષ્મણભાઈ રાઠોડીયા (ઉંમર ૨૬ વર્ષ)ની ધરપકડ કરી લીધી છે. બાળકીની હત્યા પાછળનું ચોક્કસ કારણ અને અન્ય પાસાઓની તપાસ માટે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડાયો છે.







